ફેકે નમરીનો

ચતુરસિંહ ઠગારો.

ભાગ ત્રીજો.

મનરંજન કરનારી વાર્તાઓનો
મ્હોટો સંગ્રહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
શા. નારણલાલ મોતીલાલ.
બુકસેલર—અમદાવાદ.

પ્રત ૪૨૫૦. સને ૧૯૨૧ આવૃત્તિ ત્રીજી.

'પ્રજા હિતાર્થ' મુદ્રાલય પ્રેસમાં પટેલ. અંબાલાલ
દલપતરામે છાપ્યું છે. શાહપુર નવી પોળ—અમદાવાદ.

કીમત બાર આના.

ઉજેણ નગરીનો

ચતુરસિંહ ઠગારો.

અને

ધુતારણ

ભાગ ત્રીજો.

વારતા ૧ લી.

બે ધુતારણોની ઉજણ તરફ કુચ.

પ્રીય વાંચક ! બીજા ભાગમાં કહેવા પ્રમાણે વિક્રમ ચરીત્રથી આ ચરીત્ર બહુ ગહન છે, એમ વિક્રમની ખાત્રી થયા પછી તેણે ચંદ્રકળાને બોલાવી પોતાના રાણીવાસમાં રાખી અને તેને પુર્ણ પ્રેમથી ચહાવા લાગ્યો પછી તેણે ચતુરસીંહને સર્વ વીદ્યામાં નિપુણ કરવા માટે એક વીદવાન પંડીતને સોંપ્યો. ચતુરસીંહ પ્રથમથી બુધ્ધિવાન અને ચાલાક હોવાથી થોડાકજ સમયમાં તે ચઉદ વીદ્યા અને ચોસઠ કળા શીખી પરીપુર્ણ થયો.

ચતુરસીંહની દીવસે દીવસે કાન્તી ચંદ્ર શમાન ખીલતી ગઈ. અને તરૂણ અવસ્થામાં આવેલો જોઈને વીક્રમના મનમાં તેનાં લગ્ન કરવાનો વીચાર થયો, તેથી પોતાના સમાન ઉત્તમ કુળ યોગ્ય હોય એવું એકાદ સ્થળ શોધવાની તૈયારી કરવા માંડયો.

યોગ્ય કન્યા શોધવા પોતાનાં લગ્ન કરવા માટે પોતાના પીતા પેરવ્યા કરેછે એવી ખબર ચતુરસીહને થવાથી તે પોતાના મનમાં વીચારવા લાગ્યો કે સમાન સીલ હોવા સીવાય મૈત્રીનો યોગ જામતો નથી અને જો મહત્રી સજડ ગાંઠ બધાય તોજ બંને સુખી થાય. માટે મારી પેઠે ઠગાઇથી જે સ્ત્રી પોતાનું પરાક્રમ બતાવશે તેનીજ સાથે હું લગન કરીશ આવી પ્રકરનો વીચાર કરી તે પોતાની માતા પાસે જઇને પોતાના લગ્ન માટે જે પોતે વીચાર કર્યો હતો તે વીચાર જણાવ્યો ચતુરસીંહનું આવા પ્રકારનું બોલવું સાંભરીને ચંદ્રકળાને બહુ આશ્ચર્ય લાગ્યું, પછી તેણે આ વાત રાજાને કહી, તે રાજાને બહુ પસંદ પડવાથી રાજાએ પ્રધાનને એવો હુકમ કર્યો કે, સકળ જગતમાં એવો ઢંઢેરા પીટાવો કે, ઉજેણી નગરીના વિક્રમ રાજાના ચતુરસીંહ નામના કુંવરે તે પ્રમાણે પોતાની બુદ્ધિ અને ચાલાકીથી ઠગાઇઓ અને ક્રિયા દગાએ તેમ કોઇ પણ રાજકન્યા પોતાની ધુર્ત વીદ્યા બતાવી લેકોને આશ્ચર્યમાં ગરકાવ કરી નાખશે તેની સાથે ચતુરસીંહ લગ્ન કરશે. આ પ્રમાણે ઢંઢેરા પીટાવીને ચતુરસીંહનું ચરિત્ર સરવેને વાંચી બતાવવું રાજાનો આ હુકમ થતાંજ પ્રધાને તે પ્રમાણે કરવાને સકળ જગતમાં રાજદુતોને રવાના કર્યા.

ચંદપૂરી નામની નગરીમાં પરમ દયાળુ અને ધારમીક ચંદ્રકેતુ નામનો રાજા રાજ કરતો હતો તેની રાણી પદમાવતીથી ચતુરા નામની એક કન્યા રત્ન પ્રાપ્ત થયું હતું. આ ચતુરા મોટી ધુતારી હતાં સર્વ વિદ્યામાં પારગત હોવાથી કોઇ કોઇ પ્રસંગે પોતાના બાપને રાજ કાજના સંબંધમાં મદદ પણ કરતી હતી. તે ઇંદ્રની અપ્સરાઓને સરમાવે એવી સ્વરૂપવાન અને તરૂણ હતી તે છતાં તેમાં સરવે વીદ્યા પોતાના પ્રધાનની પુજ્ય પુત્રી લાવણ્યતાની પાસેથી સીખી હતી કે

એટલી વીદ્યા જાણતી તેટલી આ ચતુર જાણતી ન્હોતી ચતુરાનો પીતા પોતાની આ કન્યાના વીવાહ કરવા માટે પોતા ગ્યેગ્ય ઠેકાણું શોધવાના ઉદ્યોગમાં હતા, અને તે માટે તે વારંવાર વીચાર કરવા માટે પોતાના એકાંત મહેલમાં બેસી રહેતો હતો. અને તેમ કરવા છતાં તેની નજર ક્યાંય પણ પડી ન શકવાથી તે બહુ ઉદાસ બની જઇને મનમાં કહેવા લાગ્યો કે,' કે શું આ વસુધરાપર મારા લાયક કોઇ રાજા નથી? કે શું મારી મગજશક્તી ઘટી જવાને લીધે આવ-સુધરાના પવીત્ર અને શુપુત્રોની નિંદા કરંછું ? અફસોસ ! આવી રીતે આડા અવળાં ગોઠાં મારી રહ્યો છે. એટલામાં તેની લાડકી અને એકની એક પુત્રી ચતુરા ત્યાં આવી ચઢી અને પોતાના પીતાની આ વી દશા થયેલી જોઇ એક ક્ષણ કંઇપણ બોલ્યા વગર સ્થીર થઇગઇ.

એટલામાં ઉજણુ નગરીનો દુત ફરતો ફરતો ઢંઢેરો પીટતો પીટતો ચંદ્રગુપ્તના મ્હેલની નીચે આવી ઉભો અને ચતુરસીંહ ઠગારાનું સર્વ વૃતાંત વાંચી ઢોલ ઉપર થોકી ચાલતો થયો.

આ ઢંઢેરાનો અને ચતુરસીંહ ઠગારાના વરતાંતનો અવાજ ચતુરા અને તેના પીતાનાં કાનને ફાડી આરપાર નીકળી ગયો.

આ અવાજથી ચતુરાના કાન ચમકી ઉઠતાંજ ચતુરા ચમકી જઇને પોતાના પીતાને કહેવા લાગી કે, "અહો ! પીતાજી ! તમે જે વીચાર સાગરમાં ડુબી ગયા છો. તેનો હવે ત્યાગ કરી દો. અને મારી સામે જુઓ.' ચતુરાના આ શબ્દો સાંભળતાજ રાજા તાબડ-તોબ સાવધ થઇને પોતાની કન્યાને કહેવા લાગ્યો, કે,' બાળા તું શુ કહેવા માગે છે.'

ચતુરા—પિતાજી ! આજે આપણા મહેલની નીચે ઉજેણુ નગરીના રાજાના દુતે જે દાંડી પીટી છે. તે આપે બરાબર સાંભળીછે.

તો હું તમને કહું છું કે મારા જો લગ્ન કરવાં હોય તો આવાજ પુરૂષ સાથે કરવાં. નહીં તો કરવા નહીં. કારણ એવા પુરૂષથી મારી ધુર્ત વીદ્યા વસ્તુ પૂરણ રીતે સીધ થઈ શકનાર નથી. તેમ મારી તે અજબ સકિતને છુટી શકનાર નથી. માટે હું પ્રતિજ્ઞા પૂરવક નિશ્ચય કરૂં છું કે હું તેનેજ પરણીશ' આવી હઠ નહીં કરવા માટે રાજાએ ચતુરાને બહુ સમજાવી પણ ચતુરા સમજી નહીં. ચતુરાની આવી હઠ જોઇને તેની મરજી મુજબ તેણીને વરવરવાની રજા આપી.

પોતાના પીતાની અને માતાની રજા મેળવ્યાને થોડાક દીવસ વીતી ગયા પછી તે ઉજેણુ નગરીમાં જવા માટે નિકળી તે વખતે તેના પીતાએ તેના યોગ્ય રાજ રસાલો આપવા તેની સાથે લઈ જવા માટે કહ્યું. પરંતુ તે પોતાની સાથે નહીં લઇ જવાને ના કહી ને પોતે એકલીજ ખરચ જેટલું દ્રવ્ય લઇ ચાલી નિકળી. આ સમાચાર પ્રધાન પુત્રી લાવણ્યવતીને થતાંજ, લાવણ્યવતી પોતાનો હેતુ. પોતાના પીતાને જણાવીને અને તે માટે તેની પરવાનગી મેળવીને કોઇ ન જાણે તેવી રીતે યોગણ સ્વરૂપ ધારણ કરી લઇને ઉજેણનગરી તરફ ચાલી નીકળી.

ફરતી ફરતી અને દેશો દેશની રીતભાત જોતી જોતી ઉજેણુ નગરીમાં દાખલ થઇને શહેરનાં એકાદ મહેલમાં પોતાને રહેવા લાયકનું એક ભાડાનું ઘર લઇ તેમાં રહેવા લાગી, તેની પાછળ પંદરેક દીવસે પ્રધાન પુત્રી લાવણ્યવતી દેશોદેશ ન્યાહલતી તેના રીવરીવાજો ભાલતી ઉજ્જેણનગરીમાં આવી એક ઉજડ પડેલા સીવાલયની અંદર હાલ તરત તો પડાવ નાંખીને પડી.

વારતા બીજી.

મને ઓળખે છે, હું કોણ છું ?

બીજા દીવસને પહોર ફાટતા ચતુરા (ધુતારણ) એક સમ્ય અને વૃધ વેશ ધારણ કરીને આસ્તે આસ્તે હાથમાં લાકડી લઇને ધ્રુજતે શરીરે ઘરની બહાર નીકળી આડું જોતી જોતી અને સદ્ગહસ્થોના મ્હોલા નીહાળતી નીહાળતી તે સંભવીત લોકોના મ્હોલામાં દાખલ થઇ, એક તરૂણ અને કુલીન સ્રીના ફળીઆમાં પ્રવેશ કરીને ઘરના દરવાજાની અંદર જઇને કોમળ અને ઉંચા સ્વરોથી પ્રભુના ગુણનું ભજન ગાવા લાગી. તેનું તે રસીક ભજનનો શોર તે ઘરની અંદર રહેનારી સ્રી સાંભળતાંજ તે બોલી કે. આ ગાનાર કોણ છે ? એ જોવા માટે તે સ્રી પોતાના ઘરના દરવાજા આગળ આવી, અને તેને પુછવા લાગી કે, બાઇ ! તારી શી ઇચ્છા છે ?

ધુતારણ—' ઓ ભલીબાઇ મારી શી ઇછા છે તે તને શું કહું ? તું જ્યારે ન્હાની હતી. (ઘોડીઆમાં હીચકતી હતી) ત્યારે તારી સંભાળ રાખવા અને તને રમાડવા માટે તારી માતાએ મને રાખી હતી. જ્યારે તું હાલતા ચાલતા અને ખાતા પીતા શીખી ત્યારે હું તારી માતાની રજા લઇને મહોટી જાત્રા કરવાને ગઇ હતી જાતરા કરીને આવતાં તારી અને તારી માતાની શોધ કરવા લાગી, પણ કંઇ તમારો પતો મળયો નહીં, તેથી હું ઘણી નીરાશ થઇ ગઇ હતી, આ નીરાશીમાં નીરાશીમાં મેં એક માસ કાઢી નાખ્યો અંતે મેં ઠરાવ કર્યો કે, ' જો આજ શોધ કરતાં મારી જુની શેઠાણી અને તેની પુત્રી મને નહીં મળશે તો હું આપઘાત કરીસ. ' પણ ઇશ્વરે

મારી લાજ રાખી છે. અને મારી જે ઇચ્છા હતી તે ઇચ્છા આજે પુર્ણ કરી છે તેથી હું ઇશ્વરનો મ્હોટો પાડ માનું છું. મારી લાડકી! વ્હાલી છોકરી! તારૂં મુખ જોતાંજ મારો ઘણા દીવસનો શોક અને દુઃખ દુર થઇ ગયું છે, બસ મને જે જોતું હતુ તે મળી ચુક્યું છે. તને જોતાંજ મને પુર્ણ સંતોષ થયો છે. હવે હું જઇશ, વળી કોઇક દીવસે મળીશ. કદાચ તું મને ભુલી ગઇ હઇશ! તેથી તું તેના વીચારમાં પડી ગઈ છે. પણ હવે તેનો જરા વીચાર કરીશ નહીં. હવે હું જ્યારે ફરીને તારી પાસે આવીશ ત્યારે તારા મનની ખાત્રી કરી આપીશ, ' લે હવે મને જવાની રજા છે.

આ કપટ યુક્ત ધુતારણનું ભાષણ તે તરૂણ સ્ત્રીને ખરૂં લાગવાથી તે મનમાં ક્હેવા લાગી ! આ દાસી. જે કહે છે તે સર્વ ખરૂં હશે.!' એવો વીચાર કરીને તેણે તે વેશધારી વરૂધ દાસીનો હાથ પકડી પોતાના ઘરમાં લઇ જઇને એક કોચ ઉપર બેસાડી.

જ્યારે તે ધુતારણ કોચ ઉપર બેઠી, અને બેઠા પછી પોતાના મોઢા ઉપરનો બુરખો કાઢી નાખ્યો, ત્યારે તે સ્ત્રીએ તેનુ અતુલ સ્વરૂપ જોઇને મનમાં કહેવા લાગી કે ખરેખર મારી ઉપમાતાજછે,એમ સમજીને તેનો સત્કાર કરીને પોતાના બીજા ખાનગી ઓરડામાં લઇ જઇને એક ઊંચા સ્થાનપર બેસાડી.કેટલોક સમય તેનો બંને જણીઓ અરસ પરસમાં વાતો કરી રહીઓ છે એટલામાં તેનો પતિ જે બહાર ગયો હતો, તેને જોતાંજ ધુતારણે ઉઠીને તેનાં દુખણાં લઇને આશીરવાદ આપ્યા. તે સ્ત્રીના સ્વામીએ પોતાની પત્નીને પુછ્યું કે 'શામાં ! આ બાઈ કોણ છે!'

સ્ત્રી—સ્વામીનાથ ? તેતો મારી ઉપમાતા છે! તે તીર્થયાત્રા

કરવા ગયા હતાં ત્યાંથી પાછા ફરીને આજે મને શોધતા શોધતાં અહીં આવ્યા છે. પોતાની સ્ત્રીના આ વાત સાંભળીને તે પુરૂષ પેલા કંઈ ન બોલતાં તે ધુતારણના ફંદામાં અંજાઈ જઈને તે પુરૂષે પોતાની સ્ત્રીને કહ્યું કે, 'વ્હાલી શામા ! ઈશ્વરની કૃપાથી સહજ ભાવે તારી ઉપમાતા આપણે ઘેર આવી છે તો તેને જવા દેવી નહીં' પોતાના પતીનું આવું વીનયપુર્વક બોલવું સાંભળતાંજ તે સ્ત્રી અત્યાનંદ થઈ તે ધુંતારણને રહેવા માટે આગ્રહ કરવા લાગી. ત્યારે હાના કરતાં કરતાં તે ધુતારણે દસ દીવસ રેહવાનું કબુલ કર્યું

એક બે દીવસ વીત્યા પછી તે ધુતારણે મ્લાન મુખ કરીને તે તરૂણ સ્ત્રીને કહ્યું કે, ' મારી બાઈ ! જો મેં દસ દીવસ સુધી તારે ત્યાં રહેવાનું કબુલ કરેલું છે છતાં હું આજેજ જઈશ ધુતારણના આવા ભેદીક શબ્દો સાંભળતાં તે તરૂણ સ્ત્રીને બહુ માઠું લાગી આવવાથી તે બોલીકે,'જો મારાથી તમારી બરાબર બરદાસ્ત થઈ શકતી નહીં હોય તો મને કહો. તો હું તે ઉપર વધારે ધ્યાન આપીશ. પણ તમારે દસ દીવસતો અહીં રહેવુંજ પડશે. આમ એક એક બોલવાણું થઈ મારા જીવને દુઃખમાં નાખવાને તમને સારૂં લાગે છે?'

તે કપટી ધુતારણ આંખમાં આંસુ લાવીને બોલી કે, જો કંઈક દીવસ સુધી તારી સંભાળ મેં રાખી છે તે માગ તારી ઉપર કોઈ પણ પ્રકારનો દુઃખનો પ્રસંગ આવે તો મારાથી તે અટકાવી શકાય એમ નથી. તેથી હું અત્યારે જવાની રજા માગું છું.

તે સાંભળતાજ તે તરૂણ તારૂણી બોલી કે, 'બાઈ ! જે કાંઈ ખરી હકીકત હોય તે સ્પષ્ટ રીતે કહો! મારા હીતને માટે મરી ફીટનારી તારા શીવાય બીજી કોણ છે ? !

તે ધુતારણ બોલી કે, મારી આ મદ અવસ્થામાં એકની-

છાની વાત બીજાને કહી હું ચુગલખોર શા માટે બનું ?' તું રજા આપ એટલે થયું.'

આ શબ્દ સાંભળતાંજ તે તરૂણીને ફાલ પડી તેમ તે તેને બહુ આગ્રહ કરવા લાગી તરૂણીનું અંતઃકરણ પારખી લઇને તે ધુતારણ વેશ ધારી બોલી કે, 'જો કે મારાથી તે વાત તને કહી શકાય એમ ન્હોતી, છતા તારા ઉપર મારા અપુર્વ પ્રેમને લીધે હુ તને તે વાત કહુંછું. તે તુ ચિતથી સાંભળ, જો તારી વિરૂધ જતી હોય, અને તે તારા ભવિષ્યને માટે હેકશાન કર્તા લાગે તો, તે ખરીછે કે ખોટી તેની ખાત્રી કરવાંને જ ત્યાંજ બેઠી ન્હેતી નહીં.

આ ધુતારણના આ મારમીક શબ્દો સાંભલતાંજ તે તરૂણ સ્ત્રી બાવરી બાવરી બની જઇને ધુતારણને કહ્યું કે બોલ ! બોલ ! ! જલ્દ બોલ ! હવે મારાથી ધીરજ પકડી શકાતી નથી.'

આ તરૂણ સ્ત્રીની આ દશા જોઇને તે ધુતારણે કહ્યું કે,' આપણી ઘરની સામે આવેલા મંદીર આગળ એક તરૂણ અને સ્વરૂપવાન સ્ત્રી રહે છે તેની ઉપર તારો પતિ આશક થયો છે. અને એ દીવસની અંદર તારી સોક ઘરમાં આવી તારી ઉપર હુકમ ચલાવશે. સ્ત્રીઓના માથા ઉપર સોક આવવાથી તેનું દુઃખ કેટલું બધું હોય છે. તેતો તુ સારી પેઠે સમજતીજ હશે. અને એવા શોક્યના શાલને સ્ત્રીઓ સહન કરી શક્તી નથી. તે તારા ઘરમાં આવ્યા પછી ધણીઆણીની પેઠે તારી ઉપર સતા ચલાવ્યા વગર રહેનાર નથી તો ઉલટા સુખ બદલ દુઃખ માત્ર આગળ આવી ઉભું રહેશે તેટલા સારૂ આ વાત મેં તને કહી છે. હવે તુ તારૂં ફોડી લેજે. હું બીજાને ત્યાંજઇ નોકરી કરીશ' તે માટે તુ તારી ઓળખાણ પત્રીકા મને લખી આપ. તે ધુતારણની આ કનીષ્ટ વાત સાંભળીને તે સ્ત્રી બોલી કે, 'તેમારી

સોખ જો ઘરમાં રહીને મારી ઉપર હુકમ ચલાવવા લાગી તો તેનું દુઃખ મારાથી સહન થઇ શકનાર નથી. તેટલા માટે જો આવાત ન બને તેનો કાંઇ ઇલાજ હોયતો મને કહેશો તોતે પ્રમાણે વર્તવાને હું તઇયાર છું.' તે ધુતારણે શું પોતાની પાસેની એક તેજદાર છરી, તે સ્ત્રીના હાથમા આપીને તેને કહ્યુ કે, 'આજ રાત્રે તારો પતી ભર ઊંઘમાં પડયો હોય ત્યારે તેના માથાઉપરના બાલ કાપીને મને લાવી આપ એટલે હું તને બાલ મંતરી આપીશ. તેણે કરીને તારો પતિ બારકી સ્ત્રી ઉપર કદી પણ પ્રીતી કરશે નહી.' આ વાકો સંભળી તે સ્ત્રીને મહોટો આનંદ પ્રાપ્ત થવાથી તે, તે ધુતારણ સ્ત્રીનો ઉપકાર માનવા લાગી.

કેટલોક વખત વીતી ગયા પછી તે કપટી સ્ત્રી તે તરૂણ સ્ત્રીને કહ્યુકે,' હમણાં તારો પતિ તેની પાસે ગયો છે કે કેમ તે હું જોઇને આવુંછું એમ કહીને તે ધુતારણ ઘરની બહાર નીકળી અને તે સ્ત્રીનો પતી મંદીરમાં ગયો હતો ત્યાં તે ગઇ.

એટલામાં તે સ્ત્રીનો પતી મંદીરની અંદરથી બહાર નિકળયો તેવીજ તેની નજર પોતાના ઘરમાં આવેલી, પોતાની સ્ત્રીની ઉપમાતા ને આંખમાંથી આંસુ પડતી જોઇ તેને રડવાનું કારણ પુછયું. ત્યારે તે સ્ત્રીએ તેના ઉતરમાં કહ્યું કે, 'ભાઇરે! હવે હું રહેનાર નથી અને તારૂ ઓળખાણુ પત્ર માગવાને આવીછું કારણ તારા ઘરમાં રહેવું મને યોગ્ય લાગતું નથી?

આ શબ્દો સાંભળતાંજ તે ગ્રહસ્થ મહોટા વીચારમાં પડી જઇને બોલ્યો કે,' તું મને ખરૂં કારણ જ્યાં સુધી કહીશ નહી ત્યાં સુધી તું જા એમ હું કદી પણ તને કહેનાર નથી, ત્યારે તે કમારી પાછી બોલી કે, 'શું કહું? મેં તારી સ્ત્રીનું બાલપણથી જે લાલન પાલન

કર્યું. તે કરતાં જો એકાદી ઓનું કર્યું. હતતો બહુ સારૂં થયું હત કારણ કે તે એટલી બધી દુષ્ટ નિકલશે એમ મેં જાણ્યું ન્હોતું.અત્રે હવે પછી તેનું શું થશે તે માટે મને બહુ ચીંતા થાય છે, તારા પ્રત્યે તેનો કેટલો બધો દુષ્ટભાવ છે તે તું ન સમજતાં તેની ઉપર નિષ્કપટ પ્રીતિ રાખે છે તે માટે તો મને બહુ નવાઇ લાગેછે.'

પોતાને ઘેર આવેલી પોતાની સ્ત્રીના ઉપમાતાનું આવું બોલવું સાંભળીને એક ક્ષણતો કંઇ પણ બોલવા વગર એકી નજરે તેની સામે જોયા કર્યા પછી તેણે ધીમે રહીને તેણીને પુછ્યું કે જે કાંઇ તારા જોવામાં આવતું હોય તે ખરેખર કહી દે. કે જેથી તે મારે મારાથી સાવધ રહી શકાય અને તેને તે બદલ યોગ્ય શીક્ષા કરવાનુ બની શકે અને જો તું તે માટે મને બરાબર નહી કહીશ તો હું જબરૂં ગોથું ખાઇ જઇશ તે ધુતારણે કહ્યુ કે, તારા કુળની કીર્તિને કલંક લગાડનારી તારી સ્ત્રી એક તરૂણ પુરૂષની ઉપર મોહીત પડી છે તેથી તે તેનેજ જુએ છે. તું તેની વાત ન જાણી શકે તેટલા માટે તે તારી ઉપર ઉપર ટપકેનો ખોટોપ્રેમ રાખે છે. તે પણ તેના પ્રેમી યારને નમવામી તેનો પ્રેમી તારીઓનું વારવાર અપમાન કરી ચાબખાનો માર મારતો હતો.

અને તારી કુલટા સ્ત્રી તેના પ્રેમની મરજી મુજબ વર્તવાને તઇયાર થઈ ત્યારે તેના પ્રેમીએ તારી સ્ત્રીને કહ્યું કે ' આજ રાતના તારા પતિનું મસ્તક કાપી નાખજે અને જો નહીં કાપી નાંખીશ તો હું તારી કદી પણ સોબત કરનાર નથી.

પોતાના પ્રેમીને રાજી રાખવા માટે તારૂં માથું કાપી નાખવાને તારી દુષ્ટ સ્ત્રીએ તેને વચન આપ્યુ છે.

આ મારૂં કહેવું તને ખોટું લાગતું હોય તો આજ રાત્રે સુતી

જાગતે નાગી તલવાર લઇ, અને સુઇ જવાનો ઢોંગ કરીને જાગતો રહેજે અને જો તે અડધી રાત વીતી ગયા પછી તારી સ્ત્રી એક મ્હોટી છરી લઇ તારૂં ગળું કાપવાને આવે છે કે નહીં ?

જ્યારે આવો પ્રકાર તારા જોવામાં બરાબર આવે અને તે માટે તારી પૂર્ણ ખાત્રી થાય તો તે બદલ તારી તરવારનો ઉપયોગ કરજે પણ એવી રીતે નહીં કરજે કે જેથી તે એકદમ યમપુરીમાં પહોંચી જાય.

જો તારી તરવારના ઘાથી તારી સ્ત્રીને બહુ જખમ નહીં થાય તો હું તને બતાવીશ. '

આ ધુતારણનું આવું બોલવું તે બીન અકલ અને મુરખા પુરૂષને ખરૂં લાગવાથી તેના ક્રોધનો પાર રહયો નહીં અને મનમાં બડબડતો અને પોતાની સ્ત્રીનો કેમ ઘાટ ઘડવો તેનો વીચાર કરતો કરતો તે ધુતારણ સ્ત્રીને પોતાના સાથે લઇ પોતાને ઘેર આવ્યો. પણ આ વાત ખરી કે ખોટી છે તેની ખાનગી તપાસ ન કરતાં તે કપટખોર સ્ત્રીએ કહેલા શબ્દોને આધીન થઇ રાત પડવાની રાહ જોતો રહ્યો.

દીવસ આથમી રાત પડયા પછી સુવાનો સમય થતાં આબંને સ્ત્રી પુરૂષો પોતાના સુવાના ઓરડામાં ગઇ તે જોઇને તે બેઅકલી પુરૂષે ઝટ પોતાની તરવાર ઓશીકાની નીચે સંતાડી દઇ પોતે બીછાના ઉપર સુઇ ગયો ને જોરથી નસ્કોરા બોલાવવા મંડી પડયો તે ભોળી સ્ત્રી જે કાંઇપણ બાબતમાં જાણતી નથી, અને આડે રસ્તે કેમ જવું તેનો જેને મુદલ ખ્યાલ નથી, તેમ ખરા ખોટાની પરીક્ષા કરવા જેટલી તેનામાં શકતી નથી, અને કેવળ પોતાની અણસમજને લીધે

એક પારસી સ્ત્રીના કહેવાને આધીન થઇને નહીં કરવાનું કામ કરવાને તૈયાર થઇ તેનું પરીણામ કેવું આવશે તે તું વાંચક વાંચીને જરા વીચાર કરજે.

પોતાના લુગડાં બદલાવીને તે સ્ત્રી સુવાના ઓરડામાં દાખલ થઇને પતીની પાસે સુતી. પોતાનો પતિ ભર ઉંઘમાં પડયોછે એવું જાણીને તે સ્ત્રી તરત બીછાનામાં બેઠી થઇને મહોટી છરી વડે પોતાના પતીના ગળા ઉપરનો મેલ સાફ કરવા લાગી. આ જોઇને તેના પતીને ધુતારણે જે કાંઇ આડું અવળું સમજાવ્યું હતું તે સર્વ ખરૂં લાગતાં તે મનમાં બોલ્યો કે, 'આજે મારી સ્ત્રી મારૂં ગળું ખચિત કાપી નાખશે,' તેથી તે તરત બીછાનામાં બેઠો થઇને ઓસીકાની નીચે રાખેલી તરવાને ખેંચી લઇને પોતાની સ્ત્રીના પગમાં મારી. પગમાં લાગતાંજ તે સ્ત્રીના પગમાંથી લોહીની ધાર છુટી. અને તરવારના ઘાની વેદનાથી તે સ્ત્રી મહોડેથી રડતી રડતી બોલી કે 'મને શા માટે મારી નાખો છો ?'

આ સ્ત્રીનો રડવાનો અવાજ સાંભળતાની વાર આ ધુતારણે મારી નાખે છે મારી નાખે છે, આવોરે આવો કોઇ બચાવો. આવી રીતે ભયંકર ચીસો નાખીને આખા મહેલ્લાને જાગરત કરી દીધો.

આસપાસ રહેતાં પડોસીઓ આ ગુમરાણ સાંભળીને એકદમ બહાર નીકળી તે પુરૂષનાં ઘર ઉઘડાવી અંદર દાખલ થઇ, તે પુરૂષના હાથમાંથી તરવાર ખેંચી લેવાને તેની પાસે ગયા. ક્રોધાવેશ થયેલા પુરૂષે આગળ પાછળ ન જોતાં તરવાર ખુંચાવી લેવા આવનારની ઉપર એક ઘા કર્યો. આ જોઇ બીજાઓએ આવી તે અકલહીણ પુરૂષને પકડી લઇને પગમાં આંટી નાખી નીચે નાંખી દઇ તેની ઉપર ચઢી બેસી તેના હાથમાંથી તરવાર ખેંચી લીધી, આ વખતે તેના

ઘરની અંદર અને બહાર મહોલ્લાના લોકોએ બહુ શોર મચાવી મુકયો હતો.

એટલામાં શહેરની ચોરી કરવા નિકળેલો કોટવાલ કેટલાક સીપાઇ સાથે આ અવાજ સાંભળી તે પણ ત્યાં આવીને એકદમ ભેગા થયેલા લોકોને વીખેરી નાખી ઘરમાં દાખલ થયો અને આ ચમત્કારી બનાવ જોઇને તે વીષે તપાસ કરવા લાગ્યો. ત્યારે તે ઘરમાં રહેલી ધુતારણ સ્ત્રી તરત કોટવાલની સામે આવી કોટવાલને કહેવા લાગી કે, ' આ સ્ત્રી પુરૂષની વચ્ચે રાત પડયા પછી ભયંકર તોફાન ચાલ્યું છે અને બને જણ એક એકના જીવ લેવાને કાંઇ બાકી રાખ્યું નથી પણ દેવ ઇચ્છાથી મૃત્યુને આધીન થતાં બચી ગયા છે.' તે કપટ યુકત બચાવ સાંભળતાંજ કોટવાલે બહુ રીસ ચઢાવી તે બંનેને પકડી ચબુતરે લઇ જઇને બારીકીથી તેની તપાસ કરવા લાગ્યો. તપાસ કરતાં તેને એમ સમજાયું કે, આ બંનેને ઉંધુ સુધું સમજાવનાર કપટખોર બુદ્ધિ સ્ત્રી છે. અને તેથીજ આવો બનાવ બનવા પામ્યો છે. કોટવાલની આવી રીતે પુર્ણ ખાત્રી થવાથી આ બંને સ્ત્રીપુરૂષને પોતાના પહેરામાંથી મુકત કરી તેને ઘેર જવા દીધાં. કોટવાલના પહેરામાંથી મુકત થઇ બંને સ્ત્રીપુરૂષ જેવા પોતાના ઘરમાં દાખલ થાય છે તો કપટખોર સ્ત્રી ગુમ થયેલી જણાઇ, એટલુંજ નહીં પણ તેની સાથે પોતાની સર્વ દોલત પણ લઇ ગઇ છે એમ તેમને જણાવાથી તેમને ખાત્રી થઇ કે આ ખરી ઉપમાતા ન્હોતી પણ કોઇ ચોલતી ધુતી અને ધુતારણ સ્ત્રી હતી. આ બનાવ જોઇને તે પુરૂષના ક્રોધનો પાર રહ્યો નહીં, પણ શું કરે તેતો કયાંથી કયાં ગુમ થઇ ગઇ હતી.

પોતાનું વેર લેવાને માટે તે તરત કોટવાલની પાસે ગયો અને

તેની પાસે બનેલી સર્વ હકીકત કહી સંભળાવી.

આ સર્વ બીના મહોટી ચમત્કારીક અને મહત્વની છે એવું સમજીને આ વાત રાજાના કાનપર નાખવી એવા હેતુથી તે ગ્રહસ્થને પોતાની સાથે લઇને કોટવાલ રાજ દરબારમાં ગયો. રાજાએ તે સર્વ હકીકત સાંભળી બહુ વીસ્મય થઇ કોટવાલને કહ્યું કે ધુતારણની તપાસ કરી પકડી લાવવાની સખતાઈ કરી. અને તે ગ્રહસ્થને ધીરજ આપી તેને ઘેર જવાની રજા આપી.

વારતા ૩ જી.

વચન આપ તો રહું.

બીજે દીવસે ચતુર ચતુરા પોતાની ચતુરાઈ બતાવવા વૃદ્ધ દાસીને છાજે તેવો ઉત્તમ પોષાક ધારણ કરીને એકાદ સારો શીકાર શોધવાનો લાગ જેતી જેતી એક મહોટા મહોલામાં દાખલ થઇને ચોતરફ જોવા લાગી.

એક ઘરની બારીઓની આડે કંઇક વીચિત્ર પડદા ટાંગેલા હતા અને તે ઘરની અંદર કેટલાક માણુસો પોતાપોતાનું કામ કરવાને મંડી પડયા હતાં તેની ઉપર આ ચાલાક અને ધુતારણ ચતુરાની નજર પડવાથી તે મનમાં વીચાર કરવા લાગી કે, જરૂર આ ઘરમાંથી મારી મતલબ પાર પડશે, એવો વીચાર કરીને તે ઘરની સામે આવેલા બીજા ઘરના ઉંચા ઓટલા ઉપર ચઢીને ડોકયા કરવા લાગી, તો એક તરૂણ સ્રી ખુરસી ઉપર બેઠેલી જોઈ, તે જોતાની સાથે તે ધુતારણ ઓટલા ઉપરથી નીચે ઉતરી એકદમ સામેના ઘરની ઉપર ચઢી ગઈ, અને જયાં તે સ્રી બેઠી હતી, ત્યાં જઇ, તેની સમીપ

બે હાથ જોડીને ઉભી રહી તે જોઇને તે તરૂણ બાળાએ આ ધુતારણીને એક બાજુએ બેસવાને કહ્યું.

એક બાજુ તે બેસવાને કેટલોક વખત વીતી ગયા પછી તે તરૂણ બાલા એકલી છે એમ જણાતાજ તે ધુતારણ રડવા લાગી.

પોતાને ઘેર આવેલી આ અજાણી ડોસીને આમ એકાએક રડતી જોઇને તરૂણ બાળાએ તેને પુછ્યું કે બાઇ તું કેમ રડે છે ? તારી જે કાંઇ ઇચ્છા હોય તે મને કહે તો તે માટે હું કાંઇ પણ વીચાર કરીશ. અને તે માટે મને જેમ ઘટીત લાગસે તેમ કરીશ.

આ તરૂણબાલાની આવી દીનવાણી સાંભલીને તે તરૂણ ભોળી બાળાને આ ઠગારી સ્ત્રી કહેવા લાગી કે, ' હજી તું મને ઓલખી શકી નથી કે ! બરાબર છે! જ્યારે હું અહીંથી ગઇ ત્યારે તે વખતે તું બહુ ન્હાની હતી તેથી તું મને ઓળખી શકી નથી. તે વખતે તારી મા ભયંકર મોતના બીછાના ઉપર પડી પડી છેવટની ઘડીની રાહ જોતી હતી, તે વખતે તેને સંભાળવા માટે અને તેને દુધ પાઇને ઉછેરવા મને રાખી હતી, તે તું ક્યાંથી જાણે ! અને જે મને જાણતા હતાં, અને ઓળખતાં હતા તે બધા મરી ફીટયા હોય એમ મને લાગેછે. તારો મેળાપ કરવા માટે મેં તારા તે આગલા નોકરોની બહુ તપાસ કરી પણ તેનો ક્યાંય પતો મળયો નહીં તેથી હું તારા બાપનું અને તારૂં નામ પુછતી પુછતી આજે પંદર દીવસે તારા ઘરનો પતો મળયો છે. તારી મા ઇશ્વરની કરૂણાથી સાજી થયા પછી ઘરનુ કામકાજ કરવા લાગ્યા પછી હું તારી માની રજા લઇને કાશીની જાત્રા કરવા ગઇ હતી. પણ મારો દીકરો ઘણો બીમાર છે. એવા સમાચાર સાંભળીને, અને તને એકવાર ફરીને જોવી એ ઉમેદથીજ

હીંઆ આવીખું એટલું બોલી રહ્યા પછી તે ચતુર ચતુરા ચતુરાઈથી પાછી રડવા લાગી. અને રડતી રડતી અને આંખોમાંથી આંસુ પાડતી પાડતી બોલી કે, જેટલો શોખ કરવો એ દુઃખમયજ છે એટલુંજ નહીં. પણ શરીરનાં આંત્રાને બાળી નાખનારો છે. બીજું કાંઇ નહી આ સ્થળે તે હજી પુરૂં બોલી રહી નથી એટલામાં વચ્ચે તે તરૂણ બાળા બોલી ઉઠી કે ! 'જે વખતે તું અહીંથી ગઇ તે વખતેહુંઘણી નાની હોવાના સબબથી હું તને બરાબર ઓળખી શકી નથી. મારા માંબાપને મરી ગયાને છ માસ થયા છે, તેથીજ હું બાલાપણામાંજ એકલી પડી ગઇછું. હું તને મારી માતા સમાન ગણું છું તેટલા માટે તારી જે ઇછા હોય તે મને કહે પોતાના કપટરૂપી ચટકામાં આ-તરૂણ બાલાને બરાબર સપડાએ જોઇ તે વેષધારી રાજકન્યા ધુ-તારણે કહ્યું કે, 'છોકરી ! મારી ઇચ્છા તારી પાસેથી પુર્ણ થશે કીંવા નહી એવા માટે મને સંશય છે, માટે તને કહેવા પછી જો તે પુર્ણ નહી થઇ તો મારૂં બોલવું વ્યર્થ જશે. માટે મારાથી કહે-વાતું નથી. આ ધુતારણનાં આવા વીનયી શબ્દોથી થયેલી ઉમદા અસરથી તે તરૂણબાળા એકદમ ભોળવાઇ જઇને તે ઠગારી ધુતારણ ને કહેવા લાગી કે, 'હે વરૂદ્ધ દાસી! તારા આવા બોલવા ઉપરથી મારી પુર્ણ રીતે ખાત્રી થઇ ચુકી છે કે તું મારી રક્ષક જુની દાસી છે. માટે તું કોઈ વાતે ન ગભરાતી. મારા ઉપર વિશ્વાસ રાખ. હું તારા તે શબ્દને પાછો ફેરવીશ નહીં.'

આ કોમળ રહૃદયવાળી તરૂણ બાળાના મુખમાંથી નીકળેલાં આવા મધુર શબ્દો સાંભળતાની વાર તે ઠગારણે તે બાળાનું વચન લઇ લીધા પછી તે બોલી કે ' છોકરી! તારા કરતા બે વરસે મહોટો મારો એકનો એક છોકરો છે. તે ઘણાક સમયથી તારી ઉપર મોહી ,

પડયો છે. તારા શશીસમ મુખકમળમાં દર્શન થવા અશકય હોવાને લીધે તે દીનપ્રતિદીન ઝુરતો જાય છે.

હું આ વાત મુદલ જાણુતી નહોતી અને તે હું ન જાણીશકુ તેટલા માટે મારો છોકરો પોતાનું દુઃખ મને જરા પણુ જણુાવતો નહોતો. શા માટે એના શરીરનો રંગ બદલાતો જાય છે. શા માટે તે આખો દીવસ ને રાત ઉદાસ રહે છે, શા માટે પુરૂ ખાતો કે પીતો નથી. તે માટે હું તેને વારંવાર પુછતી હતી પણુ તેને તે માટે જરા પણુ જણુાવતો નહોતો. મેં તે બારીક તપાસ ચલાવી. છતાં હું કાંઈ જાણી ન શકી. કેટલાક દીવસ પછીતે પોતાના ઓરડામાં સુતે સુતે તારા રૂપનું વર્ણુન કરતો હતો. અને તેની સાથે તારા પ્રેમની માગણી જાણે તારી સાથે કેમ ન કરતો હોય એમ બકતો હતો તે શબ્દો મારા કાને આવવાથી હું તરત તેની પાસે દોડી ગઇ અને તેને પુછ્યું કે "આ તું શું બકે છે તે સત્ય છે કે અસત્ય છે.

મારા આ શબ્દો સાંભળવાની સાથે તે બોલ્યો કે, હા સત્યછે, તે વીયોગથી હું ઝુરૂ છું જો તું મારી માતા હોય અને મને મરતો બચાવવાની ઇચ્છા રાખતી હોય તો તે મારી પ્રેમદાનો મને એકવાર ભેટો કરી આપ ! ત્યારેજ હું આ ઘોટાળાથી જાણી શકીછું, હવે જો તારી ભેટ નહી થાય તો, તે જલદીથી મરણુ પામશે. ને તે બદલ તેના મરણુનું તુજ કારણુ થઇશ. માટે જોતું તેની દયા લાવી એક વખત તારૂ સુંદરમુખ તેને બતાવીશ. સતકાર કરીને બોલાવીશ. તો તારા બદલ તેને ઉત્પન્ન થયલુ મહા દુખ એક ક્ષણુમાં મટીજશે

આ ધુતારણુની આવી કઠોર વાણી શાંભળતાની વાર તે તરૂણુ બાળા એક ક્ષણુ તો વીચારમાં પડીગઇ. હવે આને કેવી રીતેજવાબ

આપવો તેનો તેને કંઇ પણ વીચાર ન સુઝવાથી તે મદ ગદીત કંઠે તે ધુતારણને કહેવા લાગી કે અરે દાસી ! આશું બોલે છે ! આજ દીવસ સુધીમાં હું કોઈ પણ પુરૂષની નજરે પડી નથી એમ છતાં તારા છોકરાની નજરે કેમ પડુ ? તે ઠગારણે કહ્યું કે. ' એક દીવસે તું મંદીરે દર્શન કરવા જતી હતી તે વખતે તારી અને તેની એક નજર થતાંજ, તે તારા રૂપ ગુણ ઉપર મોહીત પડી ફરીને એકવાર તારા દર્શન કરવાને માટે અને તારા મધુરા શબ્દો સાંભળવા સારૂં ઝુરતો જાયછે.' જો તું તારૂં વચન પાળવાને ના કહેતી હોય તો ના કહે હું ચાલી જઊ

આવું તેનું કપટ યુક્ત ભાષણ તે તરૂણા બાળાને ખરૂ લાગવાથી તે બોલી કે, 'એ દાસી ! જે માટે મેં તને વચન દીધું છે, તે માટે તારા છોકરાની ઇચ્છા પુર્ણ કરવા સારૂ હું તારી સાથેઆવું છું પરંતુ આ વાત કોઇના જાણવામાં આવવી ન જોઇએ, ' તેણે કહ્યું કે, 'તે માટે તું નચીંત રહે, કે કોઇને પણ જાણવા દઇશ નહીં જે હું એવા કામમાં પકી ચાલાક છું. શી તાકાત છે કે તારૂં કોઇ નામ લઇ શકે.

વચનથી બંધાઈ ગયેલી તરૂણ બાળા સારા નરસાનો કંઇ પણ વીચાર કર્યા વગર આ મહા ઠગણીને વશ થઇ ગઇ. છતાં તેના અંતઃકરણમાં પડેલા ભયને લીધે તેનું કોમલ મુખ એક ક્ષણમાં ઝાંખુ પડી ગયું. એટલુંજ નહીં પણ અંદરની તેની લાગણી બહુ દુઃખાવાથી તેનું શરીર કંપવા લાગ્યું. પણ શું કરે નિરૂપાય ! આ કપટ કાલની મુન્તી એ ઓળખી શકી નહીં.

આમ કંવું નહી જોઇએ, અને જો કરીશ તો મારા કુળને અને મારા ધર્મને મહોટું કલંક લાગશે. અને જો તેમ નહીં કરીશ

તો મારા દીધેલા વચનનો ભંગ થશે. એમ જાણ્યા છતાં, ગમે તેમ થાય પણ મારા વચનનો ભંગ ન થાય તેટલા માટે મારે જવુંજ જોઇએ. એવા નિશ્ચયથી તેણે પોતાની એક નિમકહલાલ દાસીને પોતાની પાસે બોલાવીને કહ્યુ કે—પેટીમાંથી સો મહોર અને ખાસ દાગીનાની પેટી લઇ હાજર કર.

પોતાની પાલક બાઇનો હુકમ થતાજ દાસી તરત મહેલમાં ગઇ, અને સો મહોર અને દાગીનાની પેટી લાવી તેની આગળ મુકી દીધી. તે મહોરો પોતાના હાથમાં લઇને તે તરૂણ બાળા તે કપટ ખોર દગલબાજ ધુતારણને આપવા લાગી. ત્યારે તેણે કહ્યુ કે. તું મારી સાથે આવીશ એટલે મને સર્વ મલ્યું ' પણ તે બાળા તેના કહેવા મુજબ નવર્તતાં મહોટા આગ્રહથી તે મહોરો તેને આપીપછી તેણીએ અમુલ્ય દાગીના અને અલંકારક આભુષણો પહેરી લઇને પોતાની દાસીને કહ્યું કે. ' મારે માટે કોઇ પણ પુછે તો હું મારી સાથીને ઘેર ગઇછું એમ તું કહેજે.

આટલું કહીને તે તરૂણ બાળા તે ધુતારણની સાથે પોતાના ઘરની નીચે ઉતરી અને એકએકની પાછળ ચાલવા લાગી.એ ઠગ સ્ત્રી તે પાછળ ચાલી તે જોઇને તેણે કેવી યુકતીથી ફસાવવી તે માટે વીચાર કરતી હતી ભર બજારમાં આવી તે બજારમાં પોતાની એક દુકાનમાં એક બહુ સ્વરૂપવાન તરૂણ સરાફ અલંકાર ધારણ કરી બેઠોછે તે જોઇને તેણીએ તે તરૂણ બાળાને એક ક્ષણ એક બાજુઉભી રાખી પોતે તે તરૂણ સરાફની પાસે જઇને ઉભી. આ બુદીને પોતાની દુકાને એકાએક આવેલી જોઇને સરાફે તેને પુછ્યું કે, " તું શા માટે આવી છે ? તેણીએ કહ્યુ કે, ' ભાઇ રે ! તને કાંઇક છાની વાત કહેવાને આવી છું. તેટલા માટે આ તારા ચાકરને અહીંથી

જવાદે.' એવી તેણે પોતાના ચાકરને દુકાનના અંદરના ભાગમાં જવાને કહ્યું. આ બાજુ પોતાના સાણસામાં સપડાવવા માટે તરત આ ફજેતાખોર સ્ત્રીએ ઝટ પોતાના મહોઢા ઉપરનો બુરખો ખેસવી નાખીને રસ્તા ઉપર ઉભી રહેલી તે તરૂણ બાળાને તેને બતાવીને કહ્યું કે, ' આ મારી છોકરી છે, અને તેના હજી સુધી લગન કરવામાં આવ્યા નથી. આજ ચારેક દીવસ થયા તે પહેલા પોતાના ઘરની બારી આગળ ઉભી હતી તે વખતે તું રસ્તેથી જતો હતો ત્યારેતેની નજરે તું પડવાથી તે તારા પર મોહી પડી હતી અને દાસીથી તારૂં આ ઠેકાણું જાણી લીધું. તે દીવસથી તે તારી ભેટ કરવા માટે રાત્ર દીવસ ઝુરી રહી હતી તે મારી એકની એક છોકરી હોવાથી તેનું દુઃખ મારાથી જોઇ શકાતું ન હોવાથી હું તારી પાસે આવીછું.

આ ધુતારણના આવા મોહ ઉપજાવનારા કામદેવને જાગૃત કરનાર શબ્દો સાંભળતાંજ તે સરાફ યાકુબ વ્યાકુળ બની જઇ પોતાની સાથે સો મોહોરો લઇને તેને ઘેર જવા માટે પોતાની દુકાનની નીચે ઉતર્યો તેઓની સાથે ચાલતો થયો.

આ ત્રણે જણાં ચાલતાં ચાલતા ગામની બહાર નિકળ્યાં અને જ્યાં સરકારી બંગલાઓ બંધાતા હતા; તેની આલપાસ, તેનો એક મ્હોટો મીસ્ત્રી જાતે સુતાર રહેતો હતો, તેની પાસે જઇ તેના હાથમાં એક મહોર મુકીને ઠગારણે કહ્યુ કે, 'ભાઇરે! અમારી ઉપર દયા લાવી આ તારા બંગલામાંથી એકાદ ખાલી દીવાનખાનું અમને બે કલાક સુધી વીસામો લેવા દે, કારણ કે આ સમે સખત તાપ પડતો હોવાથી અમે ચણાની પેઠે સેકાઇ ગયા છીએ. અમારૂં ઘર અહીંથી બહુ છેટે છે. ત્યાં પહોંચતાં અમને ઓછામાં ઓછા બે કલાક લાગશે. એટલા માટે થોડોક વીસામો ખાધા વગર છુટકોજ નથી.

લોભનો થોભ નથી. લોભે લક્ષણ જાય છે. લોભ થતાંજ માણસ નહીં કરવાનું કાર્ય કરવાને તત્પર થાય છે. લોભથી મૃત્યુનો ધર્મનો, વિવેકનો, સંપતીનો, સંતતીનો, કુટુંબનો અને પોતાનો પણ નાશ થાય છે. જ્યારે મહાત્માઓ, રાજાઓ, શ્રીમંતો, વિદ્વાનોને લોભ થાય છે. ત્યારે બેઅકલી, બેસમજ અને મુર્ખ સુતારને લોભ થાય તેમાં નવાઇ શી ?

દ્રવ્ય લોભને આધીન થઈ જઇને તે સુતારે કહ્યું કે; ' આ બંગલો તમારો છે જોઇએ તેટલો વખત રહો. ' એટલું કહીને તે સુતાર બહાર પડેલા પોતાના ઘોડીઆને પોતાના માણસની આગળ ઉપડાવીને પોતાના રહેવાના દીવાનખાનાની આગળ ખાલી પડેલા એક બીજા દીવાનખાનામાં પથરાવી આપ્યો. તે જોઇને આ ત્રણે જણે તે દીવાનખાનામાં જઇ આરામ લેતા બેઠાં અને સુતાર પોતાના ચાલતા કારખાનામાં જઇ કામે લાગેલો જોઇને, તે ઠગારણ તે બંનેને ખાટલા ઉપર સુઇ જવાનું કહીને પોતે દીવાનખાનાના દરવાજા બહાર આવી દરવાજો બંધ કરી દીધો. પોતાનો મુળ હેતુ પાર પાડવા માટે આ સ્ત્રી પુરૂષનો ફસાવવા એવો દ્રઢ વીચાર મનમાં કરીને તે ઠગારણ ઝટ ત્યાંથી ઉઠી અને તે સુતારની પાસે ગઇ. અને તેને કામ કરતો અટકાવીને કહ્યું કે, ' બાપ મારી સાથે જે બાળા આવેલી છે તે મારી છોકરી થાય છે. અને તે પુરૂષ મારો જમાઇ છે. છોકરીના ભાગ્યહીણને લીધે હું ઘણી દુઃખી થઇ ગઇછું. કારણ કે મારી આ સ્વરૂપવાન અને ગુણીયલ છોકરી સાથે તેનો પતી બરોબર રીતે વર્તતો નથી. એટલુંજ નહીં પણ તેનો પતી વારંવાર તેની ઉપર ઘાતકીપણું ગુજારે છે, તેટલા માટે તેનો ફડચો કેવી રીતે કરવો તે માટે જમાઇ અને છોકરીને સાથે લઇને ન્યાયાધીશને ઘેર ગઇહતી.

ન્યાયાધીશના પુછવાથી મેં કહ્યું કે; અમારી નાતના રીવાજ પ્રમાણે મારી છોકરીના તેના ધણીથી છુટા છેડા કરાવી એક એકની ફારગતી લખી એક એકને આપી એકએકથી છુટા થઈ જવા માટે આપની પાસે અમે સર્વ જણા આવ્યા છીએ, ન્યાયાધીશે અમને ત્રણે જણાને જુદી જુદી રીતે પુછીને. તેમ નહીં કરવાને અમને સખત તાકીદ આપીને અમારે ઘેર જવાની રજા આપી હતી.

ન્યાયાધીશના આવા ચુકાદાથી હું ઘણી નારાજ થઇ ગઈઅને હવે શું કરૂં તેનો વીચાર કરતી કરતી અહીં સુધી આવી છું.

તું જુવાન છે. તારે બાયડી છોકરા નથી. અને તું તારૂં પોષણ કરવાને સમર્થછે. તું સીલ્પ શાસ્ત્રીછે. અને શીલ્પશાસ્ત્રમાં તું નીપુણ છે તારા હાથ નીચે હજારો માણસોને કામ કરતા જોઇને મને મહા આનંદ પ્રાપ્ત થયો છે, અને તું મારી આ એકની એક છોકરીની મન કામના પુર્ણ કરી શકીશ એવી મારી ખાત્રી થવાથી હું તારી ઉપર ફીદા થઇ ગઇ છું. અને તેટલા માટે મારી છોકરી સાથે તારા લગન કરી આપવાને તૈયાર થઇ છું આ એકની એક છોકરી હોવાથી તેનું દુઃખ હું જોઇ શકતી નથી. તેટલા માટે તું જો મારી આ વાત કબુલ કરીશ તો મને મહોટો આનંદ થશે.

તે સુંદરી જ્યારે તે સુતારનાં કારખાના આગળ આવી હતી ત્યારે તેનું સ્વરૂપ તેણે જોયું હતુ તેને લીધે તેની સુંદરતાથી તે પોતાનું ભાન ભુલી જઇને બોલ્યો કે, ' બાઇ! તું જે કાંઇ કહેછે તે સર્વ ખરૂં છે. માટે તારા જમાઈ પાસેથી છુટા છેડાની ફારગતી લખાવી મને આપ તો હું મોટા હર્ષની સાથે તારી છોકરી સાથે લગન કરીને તારી મરજી મુજબ વરતીશ. !

આ પ્રમાણે સુતારની સાથે વાતચિત કરીને તે ડમારણ બંગલાની

ઉપર ગઇ અને દીવાનખાનાની અંદર શું થાય છે, તે જોવાલાગી.

આ વખતે તે સરાફ અને તે બાળા બંને આનંદની વાતો કરી રહયાં હતાં તે જોઇને તે ઠગારણ દીવાનખાનાનો દરવાજો ઉઘાડી એકદમ તેની પાસે ગઇ. એને જોતાંજ આ બંને જણા સરમાઇ જઇ નીચુ ધાલી ગયા.

તે ધુતારણ બોલી કે, ' મારા વ્હાલાં બાલકો ! તમે જરાપણ સરમાશો નહિ. તમારી ઇચ્છાનુસાર આનંદ લુટો. મને લાગેછે કે આ દાગીના અને વસ્ત્રો તમારા રંગને ભંગ કરતા થઇ પડયા છે, જુઓ જુઓ ! તેના ભારથી તમારા શરીર ઉપર કેટલો બધો પરસેવો છુટયો છે. અને તે પરસેવાથી તમારા વસ્ત્રો અને દાગીના કેવા ભીજાઇ ગયા છે.

આ વખતે ભાર રૂપ થઈ પડેલા દાગીના ઉતારી મને આપી દો, અને પછી જુઓ કે તમારા આનંદનો રંગ કેવો જામે.

જ્યારે કોઇ પણ માણુસ કોઇ પણ પ્રકારના લોભમાં ફસાઇ જાય છે, ત્યારે માણુસ સારા નરસાનો વીચાર કરવાની શક્તીનો ત્યાગ કરી દઇને લોભનો લાડવો બતાવનારને આધીન થઇ જતા વાર લાગતી નથી.

જો કે વાચક ! આ ઠગારણ પણ ઊંચા ખાનદાનની હોઇને ઊંચા ગુણની સાક્ષાત પ્રતિમા છતા, અને એક રાજ સતા ચલાવનાર પુરૂષ કર્તા વધારે સતા ભોગવનાર કીસોર વયની બાળાના કાનને વીંધી આરપાર નીકળી જનાર ઉજેણી નગરીના વીક્રમ રાજાના પરાક્રમી કુમાર સવાઈ વીકરમના ગર્વ ભરેલા ઢંઢેરાનું અભિમાન ઉતારવાનો લોભ થતાજ તે રાજ બાળાની બુધિ બદલાઇ જતાં કંઇ વાર લાગી તો પછી જેને આસંસારનો અનુભવ થયો નથી, અને દુનીઆ કેવીછે

તેનો રંગ પારખ્યો નથી તેવા માણુસોને કાંઇ પણુ વસ્તુ પ્રાપ્ત કર વાનો લોભ થાય તેમાં નવાઇ શી ? સમજતો નથી આ બંને પાત્રોએ તરત પોતાના અમુલ્ય દાગીના ઉતારી ઠગારણુને સોંપ્યા. વે પોતાના સ્વાધીનમાં લઇને તે ધુતારણે આ બંનેને કહ્યુંકે હવે તમે સુખેથી આરામલો હું બહાર જઇ ઉભીછું એટલું કહી સુતાર પાસે આવી ને સુતારના હાથમાં એક સોના મ્હોર મુકીને કહ્યું કે, 'ભાઇ રે ! અમને બહુ ભુખ લાગીછે માટે થોડી મીઠાઇ લાવી આપ. ભોળો બીચારો સુતાર ! અકલનો પુરો બારદાન । તે આ ઠગારણુના કાવા દાવા શું સમજતો હતો ! મ્હોર જોતાંજ લલચાઇ ગયો અને મુઠી વાળી ગામ ભણી દોડયો.

સુતારને ગામ ભણી જતા જોઇને આ ધુતારણુ તરત બાજુના દીવાનખાનામાં બેઠી અને સુતારની પેટી પટારા ભાગી તેમાંથી જેટલું રોકડ મળયું તેટલું લઇને અને તેના પોટલા બાંધી લીધા તેને પુરૂષનો વેષ ધારણ કરી બંગલાની નીચે આવીને બહાર નીકળી અને રોકડ અને દાગીનાનો તથા ઊચાં લુગડાઓના ગાંસડાઓ બાંધેલા પોટલા કેવી રીતે લઇ જવા તેનો વીચાર કરતી ઉભી છે. એઠલામાં તે રસ્તેથી એક ઊંટવાળાને જતો જોઇ તેની પાસે ગઇ અને તેને નમન કરીને કહ્યું કે, એ ઊટવાળા મહેરબાની કરીને તારો ઊંટ મને ભાડાથી આપીશ. મારૂં ઘર ગામમાં છે. ત્યાં મારો સામાન લઈ જવાનો છે. માત્ર બે ખેપ થશે. પ્રથમ નીચે જે જે પોટલાઓ પડેલા છે. તે પહેલા મુકી આવ્યા પછી બીજી ખેપમાં બાકીનો સર્વ સામાન લઇ જતી વખતે તને સાથે લઇ જઇશ અને તારૂં ભાડુ ચુકવી આપીશ. એટલું કહી નીચે તાળું મારી દીધું.

ઉટવાળાએ તેની વાત કબુલ કરીને તરત પોતાના ઉટને નીચે

બેસાડી દીધું તે જોઇને તે ધુતારણ તરત ઊંટની ઉપર ચડી બેઠી, અને ઊંટને ઉઠાડી ચાલતી વખતે ઊંટવાળાને કહેતી ગઇ. કે હું હમણાં આવું છું.' એટલું કહી તે તરત ત્યાંથી નીકળી ગઈ થોડોક વખત વીતી ગયા પછી તે સુતાર પોતાના ઘર નીચે આવી જુએ છે તો બંગલાના દરવાજે તાળુ મારેલું અને તેની આગળ એક માણુસને તેના હાથમાં દરવાજાની તાળાની ચાવી જોઇને તે સુતાર ચકીત થઇ જઇ, તે ઊંટવાળાને બેસવાનુ કારણુ પુછવા લાગ્યો ત્યારે તે ઊટવાળો જેટલું જાણુતો હતો તેટલું તે સુતારને કહયું. તે સાંભળતાંજ હાય મારા બાપરે ! મને રાંડે મારી નાખ્યો ! ! બંગલાનો માલીક તો હુંછું. અને ધણી થઇને ધોળે દીવસે મારા ઘરનો સામાન લઈ ગઇ તે ખરેખર ચોરટી હોવી જોઇએ એમ લાગે છે. આવી રીતનો લવારો કરીને તેની પાસેથી બંગલાની ચાવી માગી તે ઊંટવાળાએ કહ્યું કે ઘરનો માલીક આવ્યા સીવાય બંગલાની દરવાજાની ચાવી આપનાર નથી. ઉંટવાળાનાં આવા જવાબો સાંભળી સુતારભાઇના ક્રોધનો પાર રહ્યો નહીં તરત પોતાના કારખાનામાં દોડી જઇને એક પકડ અને હથોડી ઉપાડી લાવીને તે બંગલાનું તાળું ભાંગી નાંખ્યું. દીવાનખાનાની અંદર સરાફ અને તે તરૂણી જમત થતાંજ તે સરાફે તરૂણીને કહ્યું કે, પ્રીયા ! જો તને કાંઈક હીરા માણેક વગેરે ઝવાહીર જોતાં હોય તો તારી માને કહીને મારી પાસેથી મંગાવી લેજે તે તરૂણીએ તે સરાફને કહ્યું કે ' મારી માતાને મરી ગયાને બહુ વર્ષ વીતી ગયા છે, તો પછી મારી મા આવી ક્યાંથી!

સરાફ—તારી માતો બંગલાની બહાર બેઠી છે. અને તું આમ કેમ બોલે છે ?

તરૂણ—તે તો તમારી મા છે! આવી રીતે બંનેની વચ્ચે આડા અવળા સવાલો થતાં સઘળો ભેદ ઉઘડી જવાથી આમાં કંઇક ક્યા જેવું લાગે છે. એવું સમજીને તે સરાફ નીચે ઉતર્યો અને જોયું તો દરવાજે આગળ બંધ જોયો! તે જોતાંજ, અરે! રાંડે મારી નાંખ્યા રાંડ મ્હોટી દગાખોર! નીકળી ફસાવી કયાં નિકળી ગઇ! દીવાનખાનાની બારીની અંદરથી બહાર જોવા લાગ્યો. તે નીચે બે માણસને લડતાં દીઠાં એટલામાં તે તરૂણી સરાફ પાસે આવી તે જોઇને સરાફ તેને કહેવા લાગ્યો કે, ' તારી મા મારા દાગીના લઇ ગઇ તે બોલી કે તારી મા મને ફસાવી ગઇ. આ પ્રમાણે દીવાનખાનામાં બેની સાથે ઝઘડો ચાલી રહ્યો છે. એટલામાં સુવારે બારણાનું તાળું તોડી નાખ્યું અને અંદર જોરથી લડી રહ્યા છે તે સુતારને નજરે પડયા. તે ઉપરથી આ પણ તે ચોર સ્ત્રીના ભાગીદાર છે એમ સમજીને તે સુતાર તેને મારવાને દોડયો. એટલામાં તે રસ્તેથી કોટવાલ નિકળયો. તેણે આ ગડબડ સાંભળી તરત એ મ્હેલમાં દાખલ થયો અને ચારે જણને પકડી રાજાની પાસે લઇ જઇ ઉભા રાખ્યા. રાજાએ સર્વ હકીકત સાંભળી લઇને તે ધુતારણ સ્ત્રીનો તપાસ કરવા માટે કોટવાલ અને પ્રધાનને સખત તાકીદ આપી અને તે ચાર જણને સમજાવી દરબારમાં ધીરજ આપી આ સર્વ હકીકત તેજ દીવસે ગામમાં પસરી ગઇ, ત્યારે સર્વ લોક આશ્ચર્ય પામીને કહેવા લાગ્યા કે, ' આગળ જે પ્રમાણે ચતુરસીંહ પોતાની અલોકીક ચતુરાઇથી સર્વ લોકને ઠગતો હતો તે પ્રમાણે આ કોઇ ચાલાક ધુતારણ લોકોને ઠગી ફસાવે છે એવા પ્રકારની વાતો ગામમાં ચાલવા લાગી.

વારતા ૪ થી.

સુતારનું મન ફટકયું.

એક ધુતારણ સ્ત્રીએ ધોળે દીવસે ત્રણ જણને પોતાની જાળમાં ફસાવી, ને ભણુતી ચોળાવતાને છ પાંચ ભણી ગઇ. તેની ફરયાદ રાજા પાસે જતાં રાજાએ તેનો બરાબર ન્યાય ન કરવાથી સુતાર બહુ નીરાસ થઇ જઇને મનમાં કહેવા લાગ્યો કે, હવે મારે એને માટે શું કરવું જોઇએ. તેનો વીચાર કરતો કરતો પોતાને ઘેર આવ્યો.

પોતાને ઘેર આવ્યા પછી તે બહુ ઉશ્કેરાઇ જઇને બડબડવા લાગ્યો કે, ' એક સ્ત્રી મારા જેવા કારીગરને હથેળીમાં ચાંદ બતાવીને પલાર થઈ ગઇ તો. બીજાં ભોળા માણસને ફસાવી તેને બાવા કરે તેમાં નવાઇ શી! એકવાર તેની ખબર લઇશ! એકવાર હું તેનો ગર્વ ઉતારીશ! એકવાર સાણસામાં સપડાવી મારી મોરો કરતાં ચાર ઘણો માલ લઇશ! લઇશ! ને લઇશ!! જો ન લઉં તો મારૂં નામ સીલ્પશાસ્ત્રી નહીં! જો એકવાર તેનો હાથ પકડી મારા ઘરમાં મારા ઘરનું ઝાડું ન કઢાવું તો મારી જનેતાને ધીકાર છે!!!

બસ તે ફસાવનારી મારી પાસે એક અજબ ચીજ છે, અને તે ચીજ બતાવતાં બતાવતાં હજારો રૂપીઆનો ભોગ આપી મારી જીંદગી ગુમાવી છે તે વસ્તુ આજે નહીં અજમાવું ત્યારે ક્યારે અજમાવીશ. અજમાવવાનો આજ સમય છે.'

આમ બડબડતો બડબડતો પોતાના ઘરના બીજા ઓરડામાં ગયો અને એક મ્હોટો પટારો ઉઘાડી તેમાંથી કાષ્ટની પુતળી કાઢી

કહેવા લાગ્યો કે, આ મારી જગ ધુતારણુ કાષ્ઠની પુતળી કેટલી બધી ચાલાક છે. કેટલી બધી ચતુર છે. તેની ચતુરાઇના વખાણુ હું શું કરૂં પણ તેનું પરાક્રમ જોઇ જગતના લોક કહેશે ત્યારેજ મારી શકતીની કીંમત અંકાશે.'

આમ લવારો કરીને તે પુતળી બરાબર અલંકારોથી સણુગારી અને તેની સર્વ કળો તપાસી જોઇને ખડખડ હસી પડયો રંગ છે. પુતલી ! હવે મારી ખાત્રી થઇ છે કે, તું તે ઠગારણુને પકડી મારી પાસે લાવી શકીશ, ઓ પુતળી! મારી વહાલી પુતળી ! જ્યારે હું તને રાજાની દરબારમાં લઇ જઉં ત્યારે તું તીલોતમાની પેઠે તારો હાવ ભાવ બતાવી રાજાને રીઝવ્યા વગર રહીશ નહીં. અને ચાળા કરીને રાજાને સમજાવજે કે હે રાજા ! નગરમાં આવેલી ધુતારણુને હું પકડી લાવીશ. !

જ્યારે રાજા તેમ કરવાને તને રજા આપે ત્યારે તુ ત્યાંથી ચાલી નિકળી નગરીના તારચોકમાં જઇને ઉભી રહેજે અને જે સ્ત્રી તારા હાથના અને શરીર ઉપરના દાગીના કાઢવાને આવે કે તરત તું તારી છાતી સાથે ડાબી દેજે, પછી હું તેને જોઇ લઇશ. '

આ પ્રમાણે પોતાનો વીચાર દ્રઢ કરીને પોતાના કામમાં રોકાઇ ગયો,

---

વારતા ૫ મી.

રાજાની નીરાશી—સુતારનું પરાક્રમ.

રાજાના હુકમથી કોટવાલ અને પ્રધાને ધુતારણુ સ્ત્રીની બહુ શોધ કરી પરંતુ તેનો કયાંય પતો ન લાગવાથી તેઓ નીરાસ થઇ

તે સંબીધી સર્વ હકીકત રાજાને જણાવી તે સાંભળી રાજાને બહુ નવાઇ જેવું લાગવાથી અપકીર્તીના ભયને લીધે રાજાએ દરબારમાંથી તે ધુતારણુ સ્ત્રીને પકડી લાવવા માટે ભર દરબારની વચ્ચે બીડું મુક્યુ પણુ તે ઉપાડવાની કોઇએ હીંમત કરી નહી અને તેથી આખી દરબાર ગમગીન બની ગઈ.

એટલામાં તે સુતાર પેલી પુતલીનો હાથ પકડી દરબારમાં દાખલ થઇને તે પુતળીને રાજાની સન્મુખ ઉભી કરી, ને પુતળીના માથા ઉપર હાથ ફેરવતાજ તે પુતળી નાચ કરવા લાગી.

તે જોઇ તમામ દરબાર છક બની ગઈ. દરબારને છક બની ગયેલી જોઇને તે પુતળી પોતાની આંખોના ઇસારાને ચલાવવા લાગી નાચતી નાચતી તે પુતળી જ્યાં બીડું પડયું હતું ત્યાં ગઇ, અને રાજાને એ હાથની ઇસારત કરીને કંઇક સમસ્યામાં સમજાવીને તે બીડું મોઢામાં મુકી ઉભી રહી.

આ કાષ્ટની પુતળી છે કે કોઇ અબોલ પરસ્તાની પરી છે, તેની કોઇ પરીક્ષા કરી શકયું નહીં અને તેની પરીક્ષા કરવાને આખા દરબારમાં કોઇ પણ હીમત કરી શકયું નહી. આ જોઇ રાજાએ આને લાવનારને કહ્યું કે, તું જે સ્ત્રીને તારી સાથે લાગ્યો છે તે શું તે ધુતારણુને પકડી શકશે કે ?' સુતારે કહ્યું કે, હા સાહેબ!

આ મારી સ્ત્રી છે. પણુ અબોલ છે ! નહીં બોલવાનું સુની વ્રત લીધુ છે તે જે કહે છે તે અંતે કરેછે તે સર્વ ઇસારાથી કરે છે.

રાજાએ કહ્યું કે, ઠીક છે. જાઓ ત્યારે તમારૂં કામ બજાવો ! જો તમે તે ધુતારણુને પકડીને લાવશો તો હું તને અને તારી આ અબોલ સ્ત્રીને સાર ઇનામ આપીશ, '

તે સુતાર અને તેની અબોલી સ્ત્રી આખા દરબારને નમસ્કાર કરી દરબાર છોડી ચાલી ગયા.

વારતા ૬ ઠી.

તે અબોલ સ્ત્રીએ સમસ્યામાં શું સમજાવ્યું હતુ?

વાંચક ! તું આ માટે કાંઈક પણ પ્રસ્ન પુછે તે પહેલાં મારે તારા મનનું સમાધાન કરવું જોઈએ.

તે અબોલ અને નવસ્વરૂપાએ રાજાના દરબારમાં સમસ્યામાં એવી રીતે સમજાવીને બીડું ચાવી ગઇ હતી કે, ' પુરૂષ સીવાય કોઈ પણ સ્ત્રી થઇ વૃદ્ધ હો કીંવા જુવાન હો તેમાંથી કોઇ પણસ્ત્રી જો આજ રાતના નગરીમાં કોઈપણ બાગના રસ્તા ઉપરથી મને સાંધીને મારા શરીર ઉપરના તમામ અલંકારો ઉતારી લેશે તો તેને હું આ જગતની ચક્રવતી સુતારણ (રાણી) ની પદવી આપીશ, અને અપાવીશ એટલુંજ નહીં પણ તેની હું સદાની ગુલામડી થઇને રહીશ પણ હે રાજા મારી ઉપર કૃપા કરીને મારી આ સમસ્યાનો ભેદ આ સમે આ દરબારને ન જણાવતાં ગુપ્ત રાખજો તેથી રાજાએ તે અબોલા રાણીના માનનો ભંગ ના કરતાં તેનું કાર્ય કરવાની પરવાનગી આપી.

રાજાની પરવાનગી લઇને પોતાના પતિ સાથે તે અબોલા રાણી, પોતાને ઘેર આવી રાતની રાહ જોતી બેઠી.

આ ખબર તે ધુનારણને પડતાં તે જરા મનમાં ચમકી ! ભડકી ! ઘડી ભર સ્થંભ થઇ ગઈ. વીચાર સુન્ય બની કાંપવા

લાગી આ કંપારીથી તે ગોથું ખાઇ પોતાના ઘરમાં પડી ગઇ. તેથી તેને કેટલીક ઘડી સુધી મુદલ ભાન રહી નહીં.

આસ્તે આસ્તે તેને જેમ ભાન આવતું ગયું તે દૃઢ થતી મનમાં બીકણપણાનો ત્યાગ કરતી ગઇ. પણ હતી ત્યાંથી ઉભી થઇને મનમાં વીચાર કરવા લાગી. કે જે કાર્ય કરવા માટે આવીછું અને કાર્ય માટે મારા રાજ્યનો ત્યાગ કર્યો છે, તે શું આવી એક અબોલ સ્રીના આવા ગર્વ ભરેલા શબ્દોથી શું હું ડરી જઇશ ? હીંમત હારી જઇ પ્રતિજ્ઞા ઉપર પલીતો મુકી મારી કીર્તિને કલંક લગાડી મારૂં કાળું મોઢું કરી શું હું મારા દેશમાં જઇશ ? તે પણ મારા જેવી સ્રી છે, અને તે ગમે તેટલી ચંચળ ચાલાક અને છળ કપટની બાજી ખેલનાર કાં ન હોય. તોય શું. હું પણ જોઇશ ! હું પણ તેની સક્તીનો અજમાયશ કરીશ ! અને મારી શકતીનો તેનો ચમત્કાર બતાવીશ પછી જે થવાનું હશે તે થશે. પણ એકવાર તો હું તેની શોધ કરીશ અને તેની ઉપર મારૂ બળ અજમાવીશ ? પછીજોઉં છું કે તે જીતે છે કે હું.

આવી રીતે પોતાના મનમાં ઘટના ઘડતી રાત પડવાની રાહ જોવા લાગી.

રાતના દશ વાગતાંજ તે અબોલ સ્રી પોતાના ઘરમાંથી બહાર નિકળી નગરીના બજારનો રસ્તો લીધો અને તેની સાથે સુથાર પણ ચાલ્યો તે આબોલ સ્રીના પાછળ કોણ છે ? અને અબોલ સ્રી કેવા બળના આધાર ઉપર આડી અવળી ચાળા કરતી ચાલી જાય છે તે કોઇ પણ જોઇ શકે નહીં.

થોડોક સમય વીત્યા બાદ આ ધુતારણ સ્રી નવ યોવન બની હાથમાં તરવાર ધારણ કરી તે અબોલ સ્રીને સોધવા લાગી.

પોતાની પાછળ ધુતારણને આવતી જોઇને અબોલ સ્ત્રી સીધે રસ્તે ન જતાં આડે રસ્તે ચાલવા લાગી તે જોઈ તે ધુતારણે પણ આડો રસ્તો લઇને પકડી પાડવા માટે તેની પુંઠ લીધી.

તે અબોલ સ્ત્રી ખુબ જોરમાં ઘુમતી ઘુમતી કોઈ એકાદ શ્રીમંતના બાગમાં પેસી જઇને બીજે રસ્તેથી બહાર નિકળી ગઇ તે આ ધુતારણ ગામની અંદર જઇ બીજે રસ્તેથી બહાર નિકળી આડે રસ્તે ચાલવા લાગી તે જોઇને અબોલ સ્ત્રી તરત તેની પાછળ આવી તે ધુતારણના માથામાં એક મુઠી મારીને પાછી ફેરવીને આગળ ચાલવા લાગી.

પોતાના માથા ઉપર મુઠી મારી પાછી પીઠ ફેરવી જનાર અબોલ સ્ત્રીનું આવું પરાક્રમ જોઇને આ ધુતારણનું શરીર પરસેવાથી ભીંજાઈ ગયું. મો પડી ગયું. દીલ તુટી ગયું અને ફેંફેં કરવા લાગી આ અબોલ સ્ત્રી પાછી ફરીને તેની સાથે આવી ઉભી અને હાથમાં ઇસારત કરીને કહ્યું કે, જુએછ શું? બતાવ તારૂ પરાક્રમ! આ પ્રમાણે આ બંને વચે એકનું પાણી ઉતારવા માટે એક એક પોતાની બાજી મેળવામાં કાંઇ પણ બાકી રાખ્યું નહીં અને આ બાજી ખેલતાં સહવારના ચાર વાગવા આવ્યા.

આ જોઇ સુથારે પોતાની બાજીની રમત જલદીથી પુરી કરવા માટે પોતાની પુતલીને એકદમ તે ધુતારણની છાતી સામે લઇ ગયો. પોતાની સામે પોતાનું પાણી ઉતારનાર અબોલી સ્ત્રીને ઉભેલી જોઇને તે ધુતારણ એકદમ આવેશમાં આવી જઇને તે અબોલ સ્ત્રીને પકડી લીધી અને એક હાથની અંદર તેને દબાવીને બીજા હાથથી જેવા તેના હાથ અને શરીર ઉપરના દાગીના કાઢવા જાય છે. એટલામાં

તે અબોલ સ્ત્રીએ એવો એક જોરથી ઝપાટો મારીને તેના હાથને છટકાવી નાખી પોતાની છાતી સાથે દાબી નાખી.

બંને જણીઓ એક એકને ચોટી ગઇ, અને બંને જણીઓ એક એકથી છુટી પડવા માટે પોતાના જોરને અજમાવવા લાગી. આ બંને વચે જબરૂ યુધ ચાલી રહયું છે, એટલામાં કોઇ એકાદ કળા ખોટકી જવાથી તે પુતળી એકદમ નીચે પડી ગઇ અને તેના હાથમાંથી તે ધુતારણ છુટીને જેવી તેના દાગીના કાડવા જાય છે તે પહેલાં તે સુથારે બીજી કોઇ યુકતીથી તે પુતળીને એકદમ ગુમ કરી દઇ પોતે ચાલતો થયો, આ જોઇ તે ધુતારણ બહુ નિરાસ થઇ ગઈ અને આજે પોતાની ઠગ વિદયામાં નિષફળ નિવડીછે. એમ તેને ખાત્રી થવાથી તે બહુ પસ્તાવો કરતી મનમાં કહેવા લાગી કે જો આવાત જાહેરમાં ફેલાઇ જઇ ચતુરસીંહ ઠગારાને કાને જશે તો તે કદી પણ મને પરણનાર નથી, આમ વીચાર કરતી કરતી ઢીલી ઢબ બનીને ધીમે ધીમે પોતાને ઘેર ગઈ.

વારતા ૭ મી.

એક ગુપ્ત ભેદ.

હજી રાજા પ્રાતુશકાળનાં કાર્યથી પરવારી પોતાનાં સંસારી મંદીરમાં દાખલ થયો નથી. એટલામાં એક યુવાન વ્યકતી રાજાસમીપ રાજ રીતી પ્રમાણે નમન કરી ઉભી રહી, આ ભવ્ય કાન્તી અને દીવ્ય સ્વરૂપવાળી યુવક વ્યકતીને પોતાના સમીપ ઉભી રહેલીજોઇને વિક્રમે હાસ્ય વદને કહયું કે, આવા સમયે આપને આવવાનું શું કારણ મલ્યું છે. તે જરા મને જણાવશો કે તે વ્યકતીઓ મેં

મલકાવીને હસ્તે વદને રાજાને કહયું કે, આપ ન્યાયી સ્વતંત્ર અને દયાળુ છો. એવી ખાત્રી મને થવાથી, અને વળી આપને, આપની પ્રજા કળા કઉશલ્યમાં કેટલી બધી ચઢતી સતા ચલાવે છે તેનો કાંઇક અનુભવ કરવા માટે આવીયું. ઉમેદ છે કે, તે માટે હું આપને જે કાંઇ કહું તે પ્રમાણે વર્તવાને વચન આપશો '

આ વ્યકતીના પ્રમાણીક પણાની કાંઇક નીશાની બતાવી રહેલું તે વ્યક્તીનું લેલાટ જોઇને, રાજાએ તે વ્યક્તીને વચન આપી કહયું કે ખુસીથી કહો. તે પ્રમાણે વર્તવાને તઇયાર છું.

રાજાએ આપેલા વચનથી આનંદ પામેલી તે વ્યક્તીએ કહયુંકે, ' ગઈ કાલે આપની દરબારમાં ધુતારણને પકડવા માટે આપે જે બીડું મુકયું હતું, તે બીડું એક સુંથારની અબોલસ્ત્રી ચાવી ગઇ હતી અને તે અબોલી સ્ત્રીએ અને તેના પતી સુંથારે પરાકરમ કરી બતાવ્યુહતું તે મેં નજરોનજર જોયુંછે પણ તે અબોલ સ્ત્રીને કંઇ ગફલતથી તે ધુતારણ પકડાતી સહેજમાં બચી ગઇ છે તોય શું, પણ તે સુથાર અને તેની અબોલ સ્ત્રી હસતે એકવાર પોતાની બીજી કાંઈ નવીન યુકતીથી તે ધુતારણને પકડવાને સમર્થ થાય તેટલા માટે,આપેઆજે દરબાર ભરવી અને ગઇ કાલે બનેલી બ.બત માટે ઝાઝી તકરાર નહી લાવતાં સહેજ દીલગીરી બતાવી ફરી બીજું બીડું મુંકવું. પણ તે બીડું બીજાને ઉપાડવા ન દેતાં, હું ધારૂછું કે, તે બીડું તે અબોલ સ્ત્રીની સાથે આપણો સુતાર તેનો પતિ બીજા વેશમાં આવીને ઉપાડયા વગર કદી રહેનાર નથી. હવે આ વાતમાં ગુપ્ત ભેદશું છે તે આપ અને આપની દરબાર જાણી શકયા નથી તે આપને બતાવવા માટેજ આપના પાસે આવી છું. રાજાએ તેમ કરવાની કબુલાત આપવાથી તે વ્યકતી જે ઓરડામાં ચતુરસિંહ રહેતો હતો ત્યાં ગઇ.

આ વ્યક્તીને પોતાના ઓરડામાં કોઇની પરવાનગી મેળવ્યાવગર બીન ધડક નીર્ભયતાથી સાવધપણું ધારણ કરીને ચાલતી આવતી જોઇને ચતુરસીંહ એકદમ ચમકી ગયો. અને તેનું તેજોમય લેलाટ અને તેની ભવ્ય કાંન્તી જોઇને તે દીગમુઢ બની ગયો, પોતાની આ સ્થિતિને આવનાર વ્યકતી જાણી ન શકે તેટલા માટે ચતુરસીંહ તરત પોતાની જગ્યાએથી ઉભાથઇને સામેજઇ તેને સત્કારથી એક આસન પર બેસાડી વીવેક મર્યાદાથી તેને પુછયું કે અહો મંગળ મુરતી ! આપનુ શા અરથે આવવુ થયુ છે તે કૃપા કરી વીદીત કરશો ?

વ્યક્તી—કેવળ આપની સેવા બજાવવાને માટેજ આવા સમય નો લાભ લીધો છે.

ચતુરસીંહ—મારી સેવા બજાવવાને માટેજ આપે અહીં સુધી આવવાલી વ્યથા બોઝ લીધો તેનો ઉપકાર હું કંઇ ભુલી જવાનો નથી કહો શી સેવા બજાવવાની ઇચ્છા રાખો છો.

વ્યક્તી—તમો ઠગ વિદયામાં પ્રવીણ છો છતાં બીજા ઠગો છે, અને તેઓ પોતાની વીદયાથી બીજાઓને ઠગે છે તે વિદયામાં તમો કેવળ તે વિદયાનો કંઇક ચમત્કાર મેં જોયો છે તે તમને બતાવવાને માટે જ આપની પાસે આવી છું.

ચતુરસીંહ—તે વિદયા તમે જાણો છો ?

વ્યક્તી—તે હું જાણતી નથી. પણ જેજાણે છે. અને તે વિ-દયાથી તે હમેશ નવા નવા પ્રયોગો કરીને ઠગના ઠગો અને તેના ઉ-સ્તાદોને ઠગનાર એક નવો ઠગારો આપની નગરીમાં હમણાં આવ્યો છે. અને તે હંમેશ પોતાની કળાથી રોજ રાતનો પોતાનો પ્રયોગ અજમાવવાને નિકળે છે. તે હું આપને બતાવવા માગું છું.

ચતુરસીંહ—હું ખુશિથિ તે જોઇશ કહો ક્યારે બતાવશો,

વ્યક્તી—આજ રાતે બતાવીશ મારી ક્યાં ના છે. પણ મારિ સરત પ્રમાણે વર્તવાને વચન આપો તો.

ચતુરસીંહ—મારિ ઉપર તમારો વિશ્વાસ નથી.

વ્યક્તી—વિશ્વાસ વગર આપની પાસે આવિ છું

ચતુરસીંહ—તો પછિ વચનથિ બાંધિ લેવાની સી જરૂર છે.

વ્યક્તી—જરૂર એટલા માટે છે કે તમારા શરિરનો કાબુ હદબ્હાર જઇ અનર્થ કાર્ય કરવાને તેયાર ન થાય તેટલામાટેજમારિ સરત પ્રમાણે વર્તવાનું વચન માગુંછું આ વિચિત્ર ઠગારાાંન વિચિત્ર કળાનો અનુભવ લેતિ વખતે આપણે તેના સપાટામાં સપડાઇ નહી જઇએ તેટલા માટે તે વખતે વારંવાર વેષ બદલવા પડશે સમજ્યા કે મહેરબાન સાહેબ !

ચતુરસીંહ—જ્યારે આમછે તો હું ખુશીની સાથે તમારિ સરતો પ્રમાણે વર્તવાને બંધાઉંછું કહો આજ રાતના તમે મને ક્યાંમળશો

વ્યક્તી—હું અહિંજ આવિશ! અને આપણે આપણી સાથે કઇ કઈ વસ્તુઓ લઇ જવાની છે તે વખતે હું તમને કહીશ કહો હવે રજા છે.

ચતુરસીંહ—ખુશીથિ પધારો પણ જોજો, સમે થતાં વેહલા આવજો મને તપાવશો નહીં. હું તમે આવ્યા સિવાય ક્યાય પણ બહાર જવાનો નથિ હોકે, એટલું કહી ચતુરસિંહ આનંદ થતો. તે વ્યક્તિનું સનમાન કરિને મહોટા સતકારથિ વીદાય કરિ.

વારતા ૮ મી.

દરબારમાં ફેલાયલી અજાયબી.

વહેલી આવેલ સ્ત્રિએ ધુતારણને પકડિને કે પોતે તેના હાથમાં સપડાઇ ગઇ તેનિ કંઇ પણ ખબર કોઇને ન પડવાથિ નગરિમાં જ્યાં ત્યાં અનેક પ્રકારનાં ગપ ગોળા ઉડી રહયાં છે. કોઇ કહે છે કે તે અબોલ સ્ત્રી ધુતારણને શું પકડવાની હતી ? કોઇ કહે છે કે જેઓ વિદ્યામાં પુર્ણ નિપુણ હોય તેજ ધોળે દિવસે દેખતાનિ આંખમાં ધુળ નાખી પોતાનું કાર્ય કરે છે તે કોઇ પણ બાપવિ ગાંઠી જાય ભલે પકડનારા બડાઇના બાંકા ફુંકી પાનનાં બીડાં ચાવિ જાય, કોઇ કહે છે કે, ' ભાઇ શેરને માથે સવાશેર પડયા છે. ચોરને ચોર મલે તોજ ચોર ત્રાસ વરતાવતો અટકે અબોલ સ્ત્રીતો નહીં પકડે તો દુનિયાં ક્યાં રંડાય જવાનિ છે એ નહીં તો એનો કોઇ ભાઇ એ ધુતારણને પકડયા વિના રહેશે. આવિ રિતે જેને જેમ ફાવે તેમ બોલી રહયા છે. એટલામાં બીજાએ આવિને કહયું કે, ' ભાઇઓ અહીંઆં ઉભીને શાનિ બડાઇ કરો છો ? ચાલો દરબારમાં અને તેને પકડવા માટે રાજા બીડું દરબારના વચ્ચે મુકે છે કેમ ? આજે કંઇક દરબારમાં ઓરરંગ જામવાનો છે. આ સાંભળિ ચોથાએ કહયું કે, હા,! હા! ભાઇની વાત ખરિ છે! હમણાં દરબારિઓ વાતો કરતા જાય છે હાં ' આજે ચતુરસિંહ તે ઠગારણને પકડવાનું બીડું ઉપાડનાર છે,' એમ મેં સાંભળ્યું છે. માટે હું તો હમણાં દરબારમાં જઉ છું, જો તમારે આવવું હોય તો આવો.

આવી રીતે એક એકની વાતો સાંભળતાં સાંભળતાં ઘણાક લોકો ;રબારમાં જવાને નિકળયા.

મને પકડવાને બીડું ઝડપનાર અબોલ સ્ત્રી દરબારમાં આવી ;ાજાને કેવી રાતે સમજાવિ રાજા અને દરબારિઓના મનને રિઝવે ` અને ત્યાર પછી ફરિને મને પકડવાનું બીડું ઝડપે છે કે બીજો ;ાઇ તેનિ તપાસ કરવા માટે અવસ્ય દરબારમાં જવું જોઇએ, ;જે તે અબોલ સ્ત્રી ખરિ ખેલાડિ અને ચાલાક હશે તો રાતનાં મારા ;મને તેનિ વચ્ચે થયેલિ વિચિત્ર રમતનો કદિ પણ ખરો પડદો ;ખુલ્લો કરિ દેશે નહીં. અને દેશે તો હું સમજીશ કે એ ખરૂં સ્ત્રી ;ત્ન નથિ પણ અડધું પાકેલું રત્ન છે. અને તેના ઉસ્તાદ પણ કાચો ;છે. આવા પ્રકારનો વિચાર કરિને બહુરૂપિનો વેષ ધારણ કરિને રાજ ;રબારમાં દાખલ થવા માટે પોતાના ઘરથિ છુટી.

સુથારે તો આગળથિ વિચાર કરિ રાખ્યો હતો કે રાતના જે ;મત્કાર બન્યો હતો તે માટે રાજાને જરા પણ ન જણાવતાં બાવાના ;ેશમાં દરબારમાં જઇને બીજુ બીડુંજ ચાવવું તે સિવાય સિધિ નથિ ;જોઉ છું કે એ ધુતારણ ક્યાં સુધિ મારા હાથમાંથિ છટકિ જશે હું ;તેને પકડિશ મારા દાગીના કરતાં આઠ ઘણા દાગીના લઇશ ! અને ;તેનું અભિમાન ઉતારવા માટે મારા ઘરમાં લાવિ ચાર પાલિ બાજરો ; દળાવું તો મારૂં નામ સુથાર નહીં જોઉ છું કે આજે મારા ;ઝટકામાંથિ કેમ છટકિ જાય છે આજે એવો કેવો કસ કાઢું છું તે ;પણ તેની આખરનિ ઘડિ સુધી જાંણશે ! એ કંઇ રાજા વિકરમ કે ;રાઇ વિકરમ નથિ કે તેનિ ધુર્ત વિદ્યામાં અંજાઇ તેનિ ધુર્તવિદ્યા ;ઉપર ફિદા ફિદા થઇ જાય હું સિલ્પ સાસ્ત્રિ છું અને વિશ્વકર્માનો ;શિસ્યછું આવિ પ્રકારનો ગટના ઘડતો તે સુતાર બાવાનો વેષ ધારણ

કરીને દરબારમાં જવાને પોતાનુ ઘર છોડયું દરબારનું દીવાનખાનુ દરબારીઓ અને નાગરીક લોકોથી ચીકાર ભરાઇ ગયુ છે તે જોઇ રાજા અને દરબારીઓ અજાયબીમાં ગરકાવ થઇ ગયા દરબારના મધ્ય સ્થાનમા રાખેલા સીહાસન ઉપર રાજા વિક્રમ અને તેનો પુત્ર ચવાઇ વિક્રમ બેઠા છે. રાજાની સામે પ્રથમથી સંકેત કરી રાખેલી જગાએ તે વ્યક્તિ બેઠી છે.

તમામ દરબારને શાંત પડેલી જોઇને રાજાએ કહ્યું કે, ગઇ કાલે આ દરબારમાં જે અબોલ સ્ત્રી અને તેનો પતી આવીને આપણી નગરીમાં આવેલી ધુતારણ કંઇક લોકોને ફસાવી ઠગે છે તેને પકડવા માટે બીડુ ઝડપયું હતુ તેનું શું થયું તે હજી સુધી આપણે જાણી શકયા નથી તે માટે હુ ઘણો દીલગીર છું તેનું ગમે તેમ થયું હોય તે માટે આપણને કંઇ વીચાર કરવાનો નથી પણ તે ધુતારણને પકડવા માટેજ વીચાર કરવાનો છે જો આપણે તે ધુતારણને કાંઇ પણ રીતે પકડવા માટે કાંઇ ઇલાજ નહી લેશું તો તે ઠગારણ ઘણી ઉન્મદ બની પ્રજાને ત્રાય ત્રાય પોકરાવશે. માટે હુ ફરીને આજે આ દરબારની વચ્ચે બીડુ મુકું છું તે કોઇ પણ સુભાગી નર તે ધુતારણને પકડવાની કીર્તિ ખાટવાની હોંસથી મારી સન્મુખ આવી દરબારની વચ્ચે મુકેલું ચાવી જશે તેને હું ઘણો ધન્યવાદ આપીશ.

રાજા વીર વીક્રમનાં આવી ઉત્સાહી અને ઉતેજન આપનારા શબ્દો સાંભળી તમામ દરબાર છક થઇ ગઇ દરબારનો તેજોમય ઝગઝગાટ થઇ રહેલો જોતાં ચતુરસિંહની છાતી ઉછળવા લાગી અને તલવારની મુઠી ઉપર હાથ નાખી ખોખારો મારતો સીહાસન ઉપરથી તરત ઉભો થઇ બીડું ઉપાડી લીધું તે જોઇ વીક્રમના હર્ષનો પાર રહ્યો નહી પણ પ્રથમ સંકેત કરી રાખેલા ઠરાવ પ્રમાણે વર્તવાના

વખતનો ભંગ ન થાય એટલા માટે વીક્રમે હાસ્ય વદનથી કહ્યું કે પ્રિય પુત્ર! શાબાશ છે તારી બુદ્ધિને!! એક પણ જ્યાં સુધી આપણી નગરીમાં આવું બહાદુરી ભર્યું કામ કરવાને શક્તી ધરાવે છે તો તેવા શક્તીવાલા સાહસીક નાગરીકોને તેમ કરતાં અટકાવું એ શું તારો ધર્મ છે? જ્યારે કોઇથી તે કામ બની શકતુ નથી એવી જ્યારે તારી ખાત્રી થાય તો બેલાશક તું તે કામ કરવા તૈયાર થજે.

પોતાના પિતાના ધાર્મિક શબ્દો સાંભળતાં ને વાર એક શબ્દોનો ઉચ્ચાર કર્યા વગર તે બીડું તરત દરબારની વચ્ચે મુકી પોતાના સીંહાસન ઉપર જઇ બેઠો.

ચતુરનું આવું પરાક્રમ જોઇને ઘણાક લોકો તે બીડું ઝડપવાને ઉભા થયા તે પણ તે વ્યક્તીની ઇચ્છાનુસાર ન હોવાથી બધાઓને બેસાડી દેવામાં આવ્યા હતા હવે કોઇ બીડું ઝડપવાને ઉઠતું નથી. તે નીરખવા ઉભો થયો તે જોતાંજ વ્યક્તીએ રાજાએ ઇસારત કરી આથી રાજાએ તેને કહ્યું કે બાવાજી નિર્ભયતાથી બીડું ઉઠાવવાને આવી જાઓ. મારો તમને આશીર્વાદ છે.

બાવાએ તરત દરબારીઓના માનપુર્વક આગ્રહથી દરબારીઓની વચ્ચે બહાદુર થઇને બાવાએ ઝડપથી બીડુ ઉપાડી ખાઇ ગયો અને દરબારને સાષ્ટાંગ નમસ્કાર કરી દરબાર છોડી ગયો દરબાર બરખાસ્ત થઇ, રાજા પોતાના એકાંત ભુવનમાં ગયો ચતુર તે વ્યક્તીએ કહ્યું કે મેં તમને જે પહેલાં વખત કહ્યો છે તે વખતે હુ આવી ઉભી રહીશ પણ મારા આવ્યા પહેલાં બે કામ તમારે કરી રાખવાના છે. બે પુરખા અને બે સ્ત્રીને પહેરવા લાયક સુંદર વસ્ત્રોની જોડી અને એક રેશમની ગુંથેલી મ્હોટી દોરી એક તૈયાર કરાવી રાખીને તૈયાર થઇ રહેજો લે હવે મને રજા છે હજી મારે ઘણું કામ કરવાનું છે.

વખત બહુ થોડો રહ્યો છે ચતુર તેને બે ઘડી રોકવાની ઘણી-યુક્તીએ કરી પણ પોતાની તે યુક્તીમાં ન ફાવવાથી અંતે તેને જ-વાની રજા આપી.

વારતા ૯ મી.

કાલી રાતનો કાળો ચમત્કાર.

દીવસ વીતી સાંજ પડી. ધીમે ધીમે રાત પોતનું ભયંકર સ્વરૂપ ધારણ કરતી ગઇ રાતનુ આવું કામ સ્વરૂપ જોઇ નગરી પણ પોતાના કામ સ્વરૂપને સંતાડવા લાગી આજે આ અંધારી રાતે ઉજેણ નગરીના ઉજડ મેદાનમાં ભુત વીઘાનો નવીન નવીન ખેલ ભજવા બતાવી એકમેકને એકમેકના સાણસામાં સપડાવી પોતાની સરસાઇનો દાવો કરવા માટે સૌએ પોત પોતાને સ્થાનકેથી નિકળી ચુકયાં છે.

વાંચક! તું પણ તે જોવાને મારી સાથે આગળ ચાલ્યો આવ.

એક ખેતરમાં બીડુ ઝડપનાર બાવો ધુણી ધખાવી બેઠો છે અને પોતાથી પચાસ કદમની છેટે એક ગધેડું કીંમતી માલથી ભરેલું ઉભું રાખેલું છે.

એક મ્હોટા ટેકરાની ઉપર એક વીચીત્ર માણસ પોતાના હા-થમાં એક વીચીત્ર પ્રકારનું અદભુત ફાનસ લઇને ઉભો છે.

એક કાલીકા દેવીનુ અદભુત સ્વરૂપ ધારણ કરી હાથમાં ખુલ્લી તરવાર લઇ એક સ્ત્રી એક મ્હોટા ઝાડની ઉપર બેઠેલી છે.

એક મ્હોટા અને ઘટાદાર વડના થડની ઓથ લઇને ચતુરસીહ અને એક વ્યક્તી બેઠેલ છે. એટલામાં એક જબરો પ્રકાશ આ બં-નેના મુખપર પડતાની સાથે આ બંને જણ અંજાઇ ગયાં તે જોઇ

ચતુરસીંહે પોતાની સાથે આવેલી વ્યક્તીને પુછ્યું કે, 'આ પ્રકાશ ક્યાંથી આવ્યો? અને આપની આંખને આંજી નાખવાનું કારણ શું છે તે તમે જાણો છો!

વ્યક્તી—બીડું ઝડપનાર બાવાની મદદે કોણુ કોઇ આવ્યું છે તે જાણવાને માટે તે ધુતારણ સ્ત્રીએ આ પ્રકાશ નાંખ્યો છે.

ચતુર—તે પ્રકાશ છતાં આપણને જોઇ ન શકે તેઓ કોઇ ઇલાજ તમે જાણો છો?

વ્યક્તી—એવા અનેક પ્રકાશને ઢાંકી નાંખે એક અનેક ઇલાજ હું જાણું છું.

ચતુર—તો પછી તે ઇલાજનો ઉપયોગ કેમ કરતા નથી.

વ્યક્તી—એ માટે આપની શી ઇચ્છા છે તે જાણ્યા પહેલાં મારાથી તેનો ઇલાજનો કેમ ઉપયોગ કરી શકાય?

ચતુર—બસ એટલા માટેજ તમે ખોટી છો. શું હું એમ કરતા તમને અટકાવીશ.

વ્યક્તી—એવી કંઇ શંકા થવાને લીધે હું તેમ કરતા અટકી છું.

ચતુર—બસ હું તમને કહું છું કે, મને કંઇ પણ પુછ્યા વગર તમારે જે ઇલાજ લેવો હોય તે લો. ~~હું~~ તમારી મરજી વીરૂદ્ધ ન વર્તવા તમારી મરજીને આધીન ~~રહીશ~~.

વ્યકતી—બસ હું એટલુંજ માગતી હતી. લો હવે, તમે તમારા કપડા ઉતારી નાખો અને આ સ્ત્રીનો કાલો વેશ પહેરી લો. ઝટ કરો જે વખત જાય છે તે આપણને નુકશાન કરતા છે.

ચતુર—હું તમારા હુકમને આધીન છું. એટલું કહેતાની સાથે ચતુરે પોતાનો પોશાક ઉતારી નાખીને સ્ત્રીનો કાળો વેશ ધારણ કરી લીધો. તે જોઇને તે વ્યક્તીએ પોતાની ઝોળીમાંથી એક દાબડો કાઢીને

ઉઘાડયો અને તેમાંથી થોડો રંગ કાઢી ચતુરસીંહના મોઢા ઉપર ચોપડી દઇને કહયું કે, 'મીત્ર! હવે તમે તમારા મોઢા ઉપર બુરખો નાંખી દો. પછી જુઓ કે પ્રકાશ દેખાય છે.

વ્યક્તીના કહેવા મુજબ ચતુરે માથા ઉપર જેવો બુરખો નાખવા જાય છે. એટલામાં આ વ્યક્તીએ હાથ ઉંચો કરી કંઇક નીશાની બતાવવાથી તે પ્રકાશ પડતો એકદમ બંધ થઇ ગયો. બુરખો નાખી લીધા પછી વ્યક્તીએ કહયુ કે કેમ મીત્ર! હવે તમે પ્રકાશ જુઓ છો ?

ચતુર—નહી મીત્ર ! નહી !

વ્યક્તી—તમારા બંને હાથના કાંડા જરા બ્હાર કાઢો અને હું આ એક ઔષધીનો કાળાવેલો રંગ તમારા હાથમાં આપુંછું તે લઇને તમારા બંને હાથ કાંડા સુધી રંગી નાખો. વ્યક્તીના કહ્યા મુજબ ચતુરે કર્યું, તે જોઇને તે વ્યક્તીએ કહયું કે, હવે તમે મારી પાછળ પાછળ ચાલ્યા આવો. પણ હું જ્યાં તમને ઇસારત કરૂં ત્યાં ઉભા રહી જઇને તમારૂં મોહું મારા કાન આગળ ધરવું અને તે વખતે હું તમને જે કહુ તે પ્રમાણે કંઇ પણ શંકા લાવ્યા વગર કરવું તે પ્રમાણે વર્તવાને ચતુરે કબુલાત આપીને આ બંને જણા ત્યાંથી ઉઠી આગળ ચાલવા લાગ્યા.

ત્યાં કાલીકા દેવીનું સ્વરૂપ ધારણ કરીને ધુતારણ ઝાડની ઉપર બેઠી હતી. તેનાથી પચાસ કદમને છેટે આ બંન્ને જણા જઇ ઉભા ચતુરને અહીંઆં ઉભો રહેવાનું કહીને તે વ્યક્તી બકુ લાંબે નીકળી જઇને તે પ્રકાશ આપનારને ઇસારતમાં કાંઇક સમજાવી પાછી ચતુર આગળ આવીને ઉભી

એટલામાં એક મોટો પ્રકાશ ધુણી ધખાવી બેઠેલા બાવાની ઉપર પડયો તે જોઇને બાવો ચમકયો. આડુંઅવળું જોવા લાગ્યો અને

મનમાં કહેવા લાગ્યો કે, આ આટલી અને અંધારી રાતે આવો ચંદ્રપ્રકાશ મારી ઉપર નાખનાર કોણ? મારી સાથે એની શી નીસબત છે? શું મારૂં પરાક્રમ જોવા માટે કે મને ભય ઉપજાવા માટે આવો તેજોમય ચંદ્રપ્રકાશ નાંખ્યો છે. ભલે ગમે તેમ થાય તેની શી પરવા છે, પણ હું તો હમણાં અહીઆથી ઉઠાવવાનો નથી બાવાએ એક જબરો ખોંખારો માર્યો અને બે હથે એક મ્હોટો તાળડો ચોક્યો તેનો અવાજ થતાં પહેલું ગધેડું મ્હોટેથી ભુકવા મંડી ગયું અને જમીનપર પડી આલોટવા લાગ્યું ફરીને બાવાએ ધુણામાંથી સળગતુ લાકડું કાઢીને ફેંકયું તે ગધેડાને લાગવાની સાથે ગધેડું બેઠું થઇ આગળ ચાલવા માંડ્યું તે જોઇને ઝાડ ઉપર બેઠેલી આ તરત ઝાડ ઉપરથી નીચે ઉતરીને ને ગધેડાની પાછળ ચાલી.

ગધેડું આડું અવળું ફરતું પાછુ જ્યાં બાવો બેઠો હતો ત્યાં આવીને ઉભું રહયુ તે જોઇને તે ધુતારણે બાવાને કહયું કે બાવાજી! આપ અહીં આ કેટલા દીવસ થયા ધુણી તાપો છો!

બાવો—તું કોણ છે? અને આવી ભયંકર રાતે શામાટે આ ઉજ્જડ જંગલમાં રખડે છે જા? હું તારા સવાલનો જવાબ આપવાને બંધાયેલો નથી.

ધુતારણ—બાવાજી જરા મોં સંભાળીને વાત કરજો! નહીં તો ધુણી તાપતા ભુલી જશો.

બાવો—જારે ભુતડી! માણસની ડાકણ! તારા આવા ભયંકર સ્વરૂપથી શું હું બીહી જવાનો હતો? કે જોયું છે આ સળગતું લાકડું.

ધુતારણ-વાહરે બાવાજી! તમેતો બહુ ક્રોધી છો; હુંતો જરા તમારૂં મન તપાસવા માટે આમ પુછતી હતી તેટલામાં તો તમે લાકડુ લઇને મારવા તઇયાર થઇ ગયા છો.

બાવો—મારૂં નહીતો શું તને પુંજારી જેવુ તારૂં બોલવું તેવો મારો ઉતર ક્રોધ ન બતાવું તો તારા જેવી છપન્નસો ભુતડીઓ આ જ વગડામાં રખડે છે. તે મને સુખથી ધુણી તાપવા દે કે બોલ તું કોણ છે? અને સા માટે આવી છે?

ધુતારણ—હુ તમારૂં ઉગ્ર તપ જોઇને તમારા ઉપર બહુ પ્રસન્ન થઇ છુ અને તમારી પરીક્ષા લેવા માટેજ મેં આવો વેસ લીધેલો પણ મારા આવા બીહામણા વેસથી તમે જરા પણ ડગ્યા નથી હુ આપના ચરણમાં મસ્તક નમાવી કહુંચુ કે જો આપ આ વખતે અહીંથી એક ખેતરવા છેટે આવેલા મારા ઝુપડામાં પધારશો તો હુ આપનો મ્હોટો આભાર માનીશ.

બાવો—હું કોઇ પણ સ્રીને ઘેર જઇ, તેની સાથે વાત કરવાને અથવા તેની પાસેથી કાંઇ પણ જાતની સેવા લેવાની લાલચથી જતો નથી. જેને જેવી શ્રદ્ધા હોય તે પ્રમાણે અહીં આવી આપી જાયછે તો હું લઉંછું.

ધુતારણ—બાવાજી! જ્યારથી તમે અહીઆ આવી ધુણી તાપોછો ત્યારથી મેં તમને મારાં અંતઃકરણમાં મારા ગુરૂ તરીકે થાપ્યા છે અને હર હમેસ તમારા નામની માળા ફેરવુંછું. આજ ત્રણ દીવસ થયા તમારી પધરામણી કરવા માટે મેં પ્રતીજ્ઞા લીધી છે, અને તે પ્રતીજ્ઞા જ્યાં સુધી પુર્ણ ન થાય ત્યાં સુધી અન્ન પાણી નહી લેવાની બાધા લીધી છે બાવાજી મારા મનનો તમારી ઉપર શુદ્ધ ભાવ હોવા છતાં તે તમે પુર્ણ નહી કરવાની હઠ લઇ બેઠાછો એ શું તમને ઘટીત લાગે છે.

બાવો—પણ આ ગધેડુ સાથે સા માટે લાવીછું?

ધુતારણ—બાવાજી! આપને બેસવા માટે લાવી છું!

બાવો—કોઇપણ જાતના વાહન ઉપર નહી બેસવાની મેં બાધા લીધી છે તો પછી મારાથી કેમ બેસાય.

ધુતારણ—હું તમને બેસવાનો આગ્રહ કરતી નથી. જો તમે મારી ભાવના પુર્ણ કરવાને આવતા હોતો.

બાવો—જો તું એક સરત મારી સાથે કરેતો હુ ખચિત તારા ઝુંપડા સુધી આવીશ.

ધુતારણ—કહો તમારી સરત શી છે.

બાવો—તું જો આ ગધેડા ઉપર બેસી મારી આગળ ચાલેતો હું તારી પાછળ આવવાને તઇયાર છું.

ધુતારણ—એમાં શી મ્હોટી વાત છે ચાલો ઉભા થાઓ અને જરા ગધેડાને પકડો એટલે હુ ગધેડા ઉપર ચઢી બેશું પછી કાંઇ છે.

બાવો—તુંતો ગાડી બાંડી થઇ તો ગઇ નથી ને મારાથી ગધેડાને અડકાય! એતો અપવિત્ર પ્રાણી છે એનો જો મને સ્પર્શ થાય તો ત્રણ દીવસનું મને પ્રાશ્ચીત લાગે, માટે જો તું મને તારે ઘેર લઇ જવાની ઇચ્છા રાખતી હોય તો તારા ગધેડા ઉપર તુંજ ચઢી બેસ નહી તો આ પડયો રસ્તો.

ધુતારણ—ઠીક છે ત્યારે મારી ક્યાં ના છે, એટલું કહેતાની સાથે તે ધુતારણ ગધેડા ઉપર ચઢી બેઠી. તે જોઇને બાવો બેડો ચલો. ગધેડું આડું અવળું ફરવા લાગયું તે જોઇને બાવાએ તે ધુતારણને કહયું કે, આ તારૂં ગધેડું આમ કેમ આડું અવળું ફરે છે.

ધુતારણ—એને એમ ફરવાની ટેવ પડી ગઇ છે.

બાવો—ત્યારે તારા જેવું તારૂં ગધેડું પણ વીચીત્ર લાગે છે. ચાલ ગધેડા ચાલ, આમ ચાલીશ તો પાર પણ નહી આવે. એટલું

કહેતાની સાથે ગધેડું ઝડપથી ચાલવા લાગયું, અને થોડેક છેટે ગયા પછી પાછું ફરીને ઝડપથી બાવાની ધુણી પાસે આવીને ઉભું રહયું

તે જોઇને ચતુરે પોતાની સાથે રહેલી વ્યક્તીને પુછયું કે આ દેવીનું સ્વરૂપ ધારણ કરનાર કોણ છે? અને તે જે ગધેડા ઉપરબેઠી ગધેડું તેનુ છે કે આ બાવાનું છે આ ગધેડું ખરૂ છે કે બનાવટી છે તેને માટે તુ કંઇ જાણે છે?

વ્યક્તી—હા? હું તે સર્વે જાણું છું

ચતુરસીંહ—તો તેમાં શું ચમત્કાર સમાયલો છે તે તું મને કેમ બતાવતી નથી?

વ્યક્તી—હમણાં તે બતાવવાનો પ્રસંગ નથી માત્ર સર્વ એક નજરથી જોવાનોજ આ પ્રસંગ છે. તે જોયા કરો ચાલો હશે આવો મારી સાથે એટલું કહેતાની સાથે ચતુંરસીહ અને તે વ્યકતી ત્યાંથી એક ખેતરવા દુર જઇને તે વ્યક્તીએ ચતુરસીહને કહયું કે હુ આવું નહી ત્યાં સુધી તમે અહીઆ ઉભા રહેજો ચતુરને અહીઆ ઉભો રાખીને તે વ્યકતી આગળ ચાલી ગઇ અને પ્રકાશ નાખનારને કંઇક ઇસારત કરીને પાછી ચતુરસીહ આગળ આવીને બંને જણ બાવાની ધુણી પાસે આવીને ઉભા વ્યકતીની ઇસારતથી ટેકરા ઉપર ઉભો રહીને પ્રકાશ નાખનાર પ્રકાશને બંધ કરી એકદમ પોતાને સ્થળે ચાલતો થવાથી સર્વત્ર અંધકાર ફેલાઇ ગયો.

આ જોતાંજ તે બાવાએ પોતાનો અસલ વેષધારણ કરીને તે ધુતારણને કહેવા લાગયો કે એ ધુતારણ! જો હું કોણ છું?

ધુતારણ—(ચમ ને) હા! ખરેખર તુ મારો હાડ વેરી છે.

બાવો—હું તારે ખરેખર હાડ વેરી છુ એ તુ જાણતી જતી

આજે પાછી મને ભભુત ચોળાવવા માટે આવું સ્વરૂપ ધારણ કરીને શા માટે આવી છે ?

ધુતારણ—તુંજ પાછો મને પકડવા માટે તું આજ ફરીને બીડું ઝડપીશ એમ હું જાણતી હોત તો તારી પાછળ ન પડતાં બીજા કોઈના ઘરમાં ઘુસી આખી રાતને ખાલી જવા ન દેત.

વ્યકતી—ઓ ધુતારણ ! તું બહુ રૂપી વેષ ધારણ કરીને દરબારમાં આવી ન્હોતી ? લલકારીને કહ્યું,

આ કોણ બોલે છે તેનું ભાન તે ઠગારણને ન રહેતાં તે બાવાને કહેવા લાગી કે, બાવાજી ! તે વખતે તમે મને કેમ ઓળખી શક્યા હતા ? બાવાએ તેનો જવાબ ન આપવાથી વ્યકતીએ કહયું હતુ કે જ્યારે તું તારે ઘેરથી નીકળી ત્યારે હું તારી પાછળ હતી. અને રસ્તે ચાલતી ચાલતી તું જે મનમાં બબડતી હતી તે હું સર્વ સાંભળતી હતી તે રસ્તે ચાલતાં ન્હોતુ કહયુ કે જો કાલની અબોલી સ્ત્રી અથવા તેનો પતિ બીડું ઝડપશે તો હુ આ નગરીને નવ ગજના નમસ્કાર કરીને ચાલી જઈશ.

વાત ખરી છે કે ખોટી જો જે ઇશ્વરના સોગન દઈને કહુંછું કે મેં સવાલ તને પુછયો છે તે સવાલ ખરો છે કે ખોટો છે તે હા કે ના સાફ કહી દેજે.

ધુતારણ—હું કયાં ના કહુ છુ કે તે ખોટી છે.

વ્યકતી—જ્યારે તે માટે તને ભય ઉતપન્ન થવાને લીધે તે તારા ભયને દુર કરવાને માટેજ તું દરબારમાં ગઈ હતીને ?

ધુતારણ—હાં ! તે ભયને દુર કરવા માટેજ ગઈ હતી.

વ્યકતી—તો પછી બીડુ ઝડપનાર તે અબોલા સ્ત્રીનો પતિ નહીં પણ બાવો છે. એમ તે શા ઉપરથી માની લીધું હતું.

ધુતારણ—એમ માની લેવામાં મારા કર્મ દોષે મને જબરી થાપ ખવરાવી છે.

વ્યકતી—તો પછી તારી તે થાપનો ભોગ તારે આપવો પડશે?

ધુતારણ—ભોગ શુ મારા પ્રાણનો ?

વ્યકતી—તારા પ્રાણનો નહી! પણ તારા સ્વાંગ શરીરને તને જીતનાર બાવાને અર્પણ કરવું પડશે. એ ભેગ! બીજો ભોગ નહીં હો!

ધુતારણ—મારા જેવી રાજકન્યાનો સ્પર્શ નો વીક્રમ જેવાના પરાક્રમી પુત્ર શીવાય બીજો કોણ કરી શકવાને સમર્થ છે ?

વ્યકતી—તું જો તારી ધુતવિદ્યાથી ચતુરસીહ જેવા મહાન કુમારાને જીતી હોત તોજ ચતુરસીહ સીવાય બીજા કોઇને પણ તારા શરીરને સ્પર્શ કરવાનો અધિકાર રહેત નહી. પણ તુ તારી ધુંત વિદ્યાથી એક હલકા વર્ગના પુરૂષને જીતી શકી નથી તો પછી ચતુરજેવા ઠગના ઉસ્તાદને તુ શું જીતી શકવાની હતી? માટે સવાલ એટલોજ છે કે, તને તે સુથારે જીતી છે. અર્થાત પોતાના ધુતવીદ્યાથી વશ કરી છે. તેથી તારા શરીરનો સ્પર્શ કરવાનો તે અધીકારી થઇ ચુકયો છે.

ધુતારણ—વીક્રમજેવા ન્યાયવંત રાજાની નગરીમાં આવી પ્રકારનો ન્યાય ચાલે છે કે જબરીથી પારકી કન્યાને પોતાની સ્ત્રી તરીકે માની લઇને પોતાના ઘરમાં બેસાડી શકશે ?

વ્યકતી—જો તુ તે માટે ન્યાય કરાવવાની ઇચ્છા રાખતી હોય તો હુ તારી ઉપર બળાત્કાર કરી પણ કરવાની નથી. પણ અદલ રાજાના અદલ ન્યાય મંદીરમાં જો તુ ન્યાય કરાવવા જઇશ તો તારા કુલની કીરતીને કલંક લાગશે. તે કલંક ન લાગે તેટલા

માટે તું તે સમજી જઇને એકમેકની કબુલાત પ્રમાણે વર્તવાને બંધાઓ તો સારૂ તેટલા માટે કહુછુ પછી તારો મરજી.

એટલું કહી તે વ્યક્તી ચતુરને સાથે લઇ ત્યાંથી ચાલી ગઇ.

આ કોણ બોલતુ હતુ તે માટે બાવો બહુ વીચારમાં પડી ગયો હતો. બહુ વખત સુધી વીચાર કર્યો પછી તે પોતાને કહેવા લાગયો કે તે માટે વીચાર કરવાનો હુ કંઇ જરૂર જોતો નથી. આ ઠગારણ ને એક વાર ઘેર લઇ ગયા પછી તે બોલનારને શોધી કાઢવાનો પ્રયત્ન કરીશ. એટલું કહીને તે બાવો ગધેડા ઉપર બેઠેલી ધુતારણને પકડી પોતાના ઘર તરફ ચાલવા લાગયો.

આ ધુતારણને પકડી બાવો પોતાના ઘર તરફ જતો જોઇને વ્યકતીએ ચતુરસીહને કહયું કે, 'ચતુરસીંહ ! આ સમય બહુ ભયંકર છે ! માટે સાવચેત રહેવાની બહુ જરૂર છે. માટે હું કહું તેમ કરવાને તઇયાર થાઓ.

ચતુર--મારી કયાં ના છે.

વ્યકતીએ તરત સમયસુચકતા વાપરીને પોતાની પાસે રાખેલી રેશમની દોરી કાઢીને ચતુરસીહના બે હાથ બાંધી એક ઝાડના થડ સાથે કમરથી બાંધી દઇને કહયુ કે, 'જયાં સુધી હું આવું નહી ત્યાં સુધી તમારે અહીંથી જરા પણ હડવું નહીં.' એટલું કહીને વ્યક્તી તરત ત્યાંથી પસાર થઇ ગઇ અને કોટવાલને પકડી લાવીને, રસ્તેથી જતો બાવો અને પેલી ધુતારણ બતાવીને કહ્યું કે, 'આ ધુતા- રણને પકડનાર બાવો છે તેને તું તારા સ્વાધીનમાં લઇને રાજાની ઉભો કર. એટલું કહેતાની સાથે તે વ્યકતી ત્યાંથી પસાર થઇ ગઇ, અને કોટવાલ તે બંનેને પકડી ચબુતરે લઇ ગયો.

વાંચક ! હવે તું તારી નજર ફેરવ. અને ચતુરસીંહ હમણા

કેવી દશા ભોગવે છે. તે ઉપર તારી નજરને ફેંક.

કકડતી થંડી અને રેશમની એક આંગળ જેટલી જાડી દોરી ની ન સહન થઇ શકે તેવી તેની ગાંઠની સખત વેદના કેવીરીતે વેઠી રહયો છે. છતાં મોઢામાંથી અહોરાતીનો એક શબ્દ પણ ઉચારતાં વ્યક્તી તરફ જોઇ રહયો છે. ચતુર મજબુત બાંધાનો અને દ્રઢ હોવાથી, આફતમાં નાખી જનાર વ્યક્તી ઉપર કોઇ જાતનો ક્રોધકરી તેને માટે હલકો વીચાર બાંધયો નહોતો. જ્યાં ગઇ હશે ત્યાંથી હમણા આવી મારી છુટકો કરશે. અને કદાચ કાર્ય કરવા જતાં ફસાઇ ગઇ તો શું થયું. સહવાર છે ને હું છું કોઇ પણ ઈશ્વરનો લાલ નિકળી આવી મારો છુટકો કરશેજ.

આ વીચારમાં ને વિચારમાં સહવાર પડી ગઇ' તો પણ તે વ્યકતી ન આવવાથી ચતુરસીંહ જરા વિમાસણમાં પડી ગયો, અને કોઇ આવા વેશમાં જોશે તો મારે માટે તે લોકો શું વીચા· કરશે? એટલામાં ચાર પાંચ ખેડુતો ચતુરસીંહ આગળ જઇ ચઢયા, આ બદ સીકલવાલી સુરત જોઇને ખેડુતો તેની પાસે જઇને પુછ્યું કે, " અરે ભાઇ! તને આ ઝાડની સાથે કોણ બાંધી ગયું છે?

ચતુર—ભલા ખેડુત! મને કોઈ એક ધુતારણ છેતરીને બાંધી ગઇ છે. માટે જો તું મને અહીંથી છોડીશ તો હું તારો મહોટો ઉપકાર માનીશ.

ખેડુતો તરત ચતુરસીંહને ઝાડથી છોડયો, એટલામાં લોકોની ઠઠ જામી ગઇ. અને તે ઠઠની વચ્ચે ચતુરે ઓનો વેશ ધારણ કરેલો વેશ ઉતારી નાખીને શ્યામ મુખે પોતાનાં મહેલનો રસ્તોલીધો આવી રીતે આ બનેલો બનાવની ચરચા નગરીમાં ફેલાઇ ગયાથી રાજા વિક્રમને બહુ ખેદ થયો.

ચતુરના મુખ ઉપરનો ચહેરા ફીકો પડી ગયો. શરમાઇ ગયો લજીત બની ઘુમસુમ બની એકાંતમાં જઇ બેઠો. કોઇની સાથે કોઇ પ્રકારની વાતો કરવી મુકી દઇ ઉંડા વીચારમાં ઉતરી ગયો. તેનામન રૂપી તરંગો જ્યાં ત્યાં દોડવા લાગ્યા, તેથી તેનું મન સ્થીર થઇશક્યું નહીં, તેને કંઇ સુઝ્યું નહી હવે સું કરવું ? તેને માટે તે બહુમથન કરવા માંડ્યું. તેનો વિચાર સ્થીર થઇ થર પડ્યો નહીં, અંતે મનને મારી મારી. મનને સમજાવી, સમજાવીને લાવીને એકાગ્ર ચીતથી એકાંત સ્થળમાં બેસીને વીચાર કરવા લાગયો. મને તાલી દઇને ઠગનાર ચતુરના નામને કલંકીત કરનાર પુરૂષ નહિ પણ બીજી કોઇ સ્ત્રી હોવીજ જોઇએ ! તે પોતાની ચાલાકી બતાવી ગઇ છે, ને પોતાની ખુબીનો ખેલ ખેલી ગઇ છે, હવે તે મારી પાસે આવશે નહી, પણ હવે તેને એકવાર હાથમાં સપડાવવી તો ખરી ! એક વાર આ ચતુરાઇ બતાવી તેનો તોરદાર તોર તોડવોજ જોઇએ! એ પણ જાણશે કે હું ઠગી ઠગીને આવી હતી ? મેં તેનું પાણી ઉતાર્યું નથી. ઉતારવા ગઇ હતી. પણ સામું ઉતરી ગયું છે ! આજે રાતના જરૂર બહાર પડવું, જરૂર તેની સોધમાં રખડવું. પહેલા તે ક્યાંરહે છે. તે જોવું ને પછી તેની કેવીરીતે વલે કરવી તેનો વીચાર કરીશ.

વારતા ૧૦ મી.

સવાલ-જવાબો.

આજે દરબારમાં કંઇ કામ કાજ નહીં હોવાથી વિદયા વિનો દનો આનંદ લુટવા માટે વિકરમ અને ચતુર વચ્ચે નીચે મુજબ સવાલ જવાબો થઇ રહયા હતા.

રા૦—મિત્રની ખબર કયારે પડે ?

ચ૦—દુઃખ પડે ત્યારે.

રા૦—કયા માણસને હલકો ગણવો ?

ચ૦—જે કોઇની ચાડી ખાય તેને અથવા બંને લડાવનારને તે

રા૦—ઇશ્વરે સોના શરીરમાં બે રત્ન મુકયાં છે તે કયાં ?

ચ૦—આંખો,

રા૦—માણસને લલચાવનાર કોણ ?

ચ૦—પઇસા અથવા સ્ત્રી.

રા૦—કયા જનાવરનું પુછડું ઝાલીને નદી ન ઉતરવી ?

ચ૦—પાડાનું અથવા ભેંસનું.

રા૦—કયા માણસને રાત કે દિવસ સુખ નહિ ?

ચ૦—જેને ખરાબ સ્ત્રી મલી હોય તેને.

રા૦—કયાં લોભ ન કરવો ?

ચ૦—જમવા બેઠા હોઇએ, ત્યાં લોભ કરિને જમવુ નહિ.

રા૦—કોના છોકરાને બાપ ન હોય ?

ચ૦—વેશયાના.

રા—કયાં માબાપ વેરિ સમજવાં ?

ચ૦—જે છોકરાને વિદ્યાભ્યાસ ન કરાવે તે.

રા૦—કોનાથી હમેશાં ડરતા રેહેવું ?

ચ૦—શત્રુથી.

રા૦—અરધું અંગ ક્યારે સમજવું, અને આખુ અંગ ક્યારે સમજવું ?

ચ૦—સ્ત્રીપુરૂષ મળીને આખું અંગ સમજવુ. જે પુરૂષને સ્ત્રી નથી અથવા જે સ્ત્રીને પુરૂષ નથી તેનુ અરધુ અંગ સમજવું.

રા૦—એવું જનાવર કયુ કે જે નર્ક ઉપર બેસે પણ પવિત્ર ગણાય ?

ચ૦—માંખી,

રા૦—કયું હથિઆર સરસ સમજવું ?

ચ૦—જે હાજર હોય તે હથિઆર સરસ.

રા૦—કયી વસ્તુ આડા હાથ દેવરાવે અગર ના કેહવરાવે ?

ચ૦—અન્ન અથવા માર.

રા૦—કોણ પોતાની ઉમર થોડી બતાવે ?

ચ૦—વેસ્યા.

રા૦—કેમ માણસ બળવાન નહીં વારૂ ?

ચ૦— દોહરો.

કહત વખત બલવાન હેં, નહિં પુરૂષ બલવાન,
અરજુનકું કાબે લુટયો, ઓઇ ધનુષ અરૂ બાન

અરજુને એક સમે આખા ભરતખંડનુ રાજછત્ર ધારણ કર્યું

ગ્યું અને એક સમે દ્વારકા ભગવાનની રાણીઓને લઇને હસ્તિનાપુર જતાં કાબાએ તે રાણીઓને લુટી લીધી. એ વખતે પણ એના એ મનુષ્ય અને બાણ હતાં પણ તે કંઇ કામમાં આવ્યાં નહીં માટે વખત બળવાન છે.

સ૦—ખાવાનુ ગમે તેટલુ આપીએ પણ ધરાય નહી તે કોણ ?

ચ૦—ઘંટી.

સ૦—કોણ બળી જવાં સુધી પોતાનુ અકડ પણ છોડે નહિ?

ચ૦—શીંદરી એટલે મુઝની દોરી.

સ૦—મીઠાશ શેમાં ?

ચ૦—ગરજમાં.

સ૦—કઇ સ્ત્રીને સુંખ નહી ?

ચ૦—કજોડાં વાળીને.

સ—વશ કરવાના રસ્તા કયા ?

ચ૦—શામ, દામ. ભેદ, દંડ,

સ૦—કોના એક બે પગ ભાગે તો પણ ચાલવામાં હરકત નહી

ચ૦—કાનખજુરાના.

સ૦—મુરખ માણસને પરમેશવર કરતા પણ મોટો કોને ગણેછે?

ચ૦—પઇસાને દોઢ પરમેશ્વર ગણે છે.

સ—કળીયુગ ક્યાં સમજવો ?

ચ—જ્યાં કુસંપ હોય ત્યા.

ચ—વેઠ વેરા કહાડી નાંખવા તથા પ્રજાને પોસાતાલ ઉપર જકાત લેવી. તથા પોતાના કોઇ અમલદારોથી દુઃખ ન થાય તેની સંભાળ રાંખની અને બાજબી ન્યાય આપે જવો.

રા—કેવા રાજ્યનો દીન પરદીન ક્ષય સમજવા ?

ચ--જે રાજમાં જુલમ અન્યાય હોય તેનો.

રા—કયુ રાજ આબાદ સમજવુ ?

ચ—વસ્તી પોતાના રાજાને ચહાતી હોય અને જેનુ લશ્કર હમેશાં તઈયાર રહેવુ હોય તે રાજ આબાદ સમજવુ.

રા—કયા રાજમાં ન રહેવું ?

ચ—જે રાજમાં અન્યાય થતો હોય તે રાજમાં ન રહેવું.

રા—શેમાં નફો નથી ?

ચ--ચિંતા કરવામાં નફો નથી ઉલટુ નુકશાન છે,

રા— દુનિયાને કઇ વાત ગમે છે ?

ચ—પઇસા મેળવવાની વાત સહુને ગમે.

રા—કયુ પાણી તરશ મટાડે નહી.

ચ—ઝાંઝવાનું પાણી ફક્ત દેખાય તરસ મટાડે નહી.

રા—કયો દુશમન કોઇથી ન જીતાય.

ચ—મોત જ દુશમન કોઇથી ન જીતાય.

રા--કોનુ ઓસડ નથી ?

ચ—સ્વભાવનું ઓસડ નથી.

રા—કયો માણસ સાલસ સમજવો ?

ચ—જેની આંખમાં સરમ તે માણસ સાલસ સમજવો.

રા—કોણ બળવાન છે ?

ચ—વખત બળવાન છે.

વીક્રમનો ઈનસાફ.

વારતા ૧૧ મી.

રૂની ચોરી.

એક વખતે ઉજની નગરીમાં રૂની ચોરીની બુમ બહુ પડી હતી. જ્યાં ત્યાં રૂ ચોરાતું હતું. રૂનો દરેક વેપારી ફરીયાદ કરતો કે, તેની વખારમાંથી દરરોજ રૂ ચોરાઇ જાય છે. ચોર કોણ છે તે માલમ ન પડયું. ચોરને પકડવાને તેઓએ સીપાઇઓ રાખ્યા છતાં રૂ તો ચોરાવા માંડયુ. એક દહાડો તેઓએ પોતે ચોકી રાખવાનો વીચાર કર્યો તે છતાં પણ રૂ ચોરાયું. કેટલાક આબરૂદાર દલાલો શીવાય તેમની વખારમાં બીજુ કોઇ આવતું ન હતું શું આ દલાલો રૂ ચોરી જતા હતા ? તે કેમ કહેવાય ? કદાચ તેમનામાંનોજ કોઇ ચોર હોય તો? પણ તે પકડાય શી રીતે? દલાલો બધા આબરૂદાર હતા. બજારમાં તેમની આંટ સારી હતી. હવે કેમ કરવું ! વેપારીઓને મનમાં ચીંતા ઉત્પન્ન થઇ. આખરે તે એકઠા થઇને વીક્રમની આગળ ગયા. તેમણે તેને બધી વાત કહી. વીક્રમે તેમની વાત ધ્યાનથી સાંભળ્યા પછી દલાલોને પોતાની પાસે કામને બહાને બોલાવી મંગાવ્યા. વીક્રમના મનમાં ખાત્રી થઇ હતી કે, જ્યાં છે ત્યાં આ દલાલોમાંજ કોઇ ચોર છે. તેઓ હજી તો તેની પાસે આવતા હતા એટલામાં વીક્રમ બોલ ઉઠયો કે, "ચોરી કરે છે પણ સાથે રૂ પાઘડીમાં ખોસીને આવે છે! કેવા બેવકુફ લોકો છે?" આ દલાલોમાં

જે ત્રણ જણા ચોર હતા તેમણે સપોસપ પાઘડી ઉપર હાથ ફેરવ્યો તેમના મનમાં એમ કે કોણ જાણે પાઘડી ઉપર ભુલમાં રૂ રહી ગયુ હોય તો કેમ કહેવાય. વીક્રમે પોતાની તીક્ષણ અનુભવી આંખે આ જોઇ લીધુ. તુરતજ પેલા ત્રણ જણાને પકડવાનો હુકમ કર્યો. તેઓએ તરતજ માની લીધું કે, તેઓ હમેશ રૂની ચોરી કરતા હતા. તેઓએ રૂ કોને વેચ્યું હતું તે પણ દેખાડયું. જેટલા રૂપીયાનો રૂ તેમણે ચોર્યો હતો તેટલા બમણા રૂપીયા દંડના લઇને તે વેપારીઓને આપયા અને તેમને કેદની શીક્ષા કીધી.

વારતા ૧૨ મી.

બલાત્કાર.

એક દીવસે એક સ્ત્રીએ દરબારમાં આવીને ફરીઆદ કીધી કે, ફલાણા માણસે મારી ઉપર જુલમ કરીને મારી આબરૂ લીધી.

વીક્રમે ફરીઆદ સાંભળીને પેલા માણસને બોલાવી મંગાવ્યો. તેની ઉપર ફરીઆદ થવાની વાત તેને કહી સંભળાવીને પેલો માણસ બોલ્યો, "સાહેબ આ સ્ત્રી જુઠ્ઠું બોલે છે. એને મારે કાંઇ સંબંધ નથી એ જે વાત કહે છે તે તદન જુઠી છે."

વીક્રમે કહ્યું, "આવા કામમાં કોઇ સાક્ષી હોતો નથી. એકાંતમાંજ આ વાત બને છે. માટે તે આની ઉપર બલાત્કાર ખચીત કીધો હશે. બધી વાત ધ્યાનમાં લઇને તને વધારે શિક્ષા ન કરતાં

તરત તારે સ્ત્રીને પાંચ રૂપીઆ આપવા એવો હુકમ કરૂં છુ. તે રૂપીઆ હમણા આપવા."

પેલો બીચારો ગૃહસ્થ શું કરે? સતા આગળ તેનું કાંઇ ચાલે એમ ન હતુ તેણે વીક્રમ પાસે તરતજ રૂપીઆ મુકયા. વીક્રમે તે રૂપીઆ ફરીઆદી કરનાર સ્ત્રીને આપીને ત્યાંથી જવાનું કહ્યુ. પેલા પુરૂષને થોડીવાર ત્યાં બેસાડી રાખીને પછી કહયું, "પેલી સ્ત્રીને પાંચ રૂપીઆ આપયા છે તે તેની પાશેથી પાછા લઇ આવ. રૂપીઆ લેવા વાસ્તે ગમે તેટલી મહેનત પડે તો પણ રૂપીઆ આચકી લેજે રૂપીઆ લીધા શીવાય તેને જવા ન દેતો.

વીક્રમનો આવો હુકમ થતાંજ પેલા પુરૂષને બમણી હીંમત આવી. તેણે દોડી જઇને પેલી સ્ત્રીને રસ્તામાં પકડીને તેની પાસે રૂપીઆ માગવા માંડ્યા. પેલી સ્ત્રી તેને કેમે કરતાં રૂપીઆ આપે નહિ. પુરૂષે ખટપટ તો ઘણી કરી પણ સ્ત્રીના હાથમાંથી રૂપીઆ પાછા લઇ ન શક્યો. સ્ત્રીએ હાથમાંથી રૂપીઆ ન છોડતાં, તેને વીક્રમ આગળ પાછો લઇ જઇને બોલી, "રાજાજી સાહેબ, આપે મને રૂપીઆ અપાવ્યા તે લઇને તે રૂપીઆ મારી પાસેથી પાછા માગતો હતા."

વીક્રમે પુછ્યું " પછી તેં તેને રૂપીઆ આપયા કે તારી પાસેજ છે.'

પેલી સ્ત્રી બોલી, "રૂપીઆ લેવા વાસ્તે એણે તો ઘણી ખટપટ કીધી પણ મેં તો તેને એક રૂપીઓ લેવા ન દીધો. જુઓ આ પાંચ રૂપીઆ મારી પાસેજ છે."

આ સાંભળતાંજ વીક્રમે કહયું, "પાંચ રૂપીઆ તારીપાસેથી જે ઘણી લઇ ન શક્યો તે તારી ઉપર બલાત્કાર શી રીતે કરી શકે?

તું બલાત્કાર કરવા પણ દે ખરી કે ? આ ઉપરથી તું જુઠી છે એમ ખુલુ માલમ પડે છે. એના રૂપીઆ એને પાછા આપ. "

પેલી સ્ત્રીએ નીરૂપાયે રૂપીઆ પાછા આપયા. પછી વીક્રમે તેણીને મારવાનો હુકમ કરતાંજ તેણીએ પેલા પુરૂષ ઉપર જુઠો વાંક મુકયો હતો તે કબુલ કર્યું. વીક્રમે તેણીને યથા ન્યાય શિક્ષા કરી.

વારતા ૧૩ મી.

એક સેર માંસ.

શવદાસ નામનો એક સાહુકાર હતો તેની દુકાન ઘણા વરસની જુની હતી, તેની આડત દેશના દરેક ભાગમાં હતી એક દીવસે એવું બન્યું કે, તરત મુદતની કરોડો રૂપીઆની હુંડીઓ તેની ઉપર ચારે દેશાવરોથી આવી પડી. તેની પોતાની હુંડીઓ પણ આવવાની હતી પણ દેશાવરો લાંબા હોવાથી વખતસર આવી પહોંચી ન હતી શીલક ગણતાં તેને એવું માલમ પડયુ કે 'તે દહાડે આવેલી હુંડીઓના નાણા આપતાં પાંચ લાખ રૂપીઆ ઓછા થશે. પાંચ લાખ રૂપીઆ તેણે કયાંથી પણ લાવીને હુંડીવાલાઓને ભરવાનો નિશ્ચય કર્યો. એમ વીચાર કરી રૂપીઆ લેવા આવનાર લોકોને એક પછી એક એમ અનુક્રમે હીસાબ ચુકવવાનુ પોતાના મુનીમને કહીને પોતે બાકીના રૂપીઆની તજવીજ કરવા શહેરમાં ગયો. આટલી મોટી રકમના બીજાના તે કોના ઘરમાં હોય ? તેણે એ પાંચ જણાઓ પાસેથી છુટક છુટક લેવાને બદલે કોઈ એકજ આસામી મળે તો

તેની પાસેથી લેવાનો વિચાર કર્યો. આવી મોટી રકમ તો ફક્ત એકજ સાહુકારની દુકાને મળે તેમ હતી. તે જાતનો મારવાડી હતો. તેમ જુઠો, નિર્દય અને દુષ્ટ હતો. આવા માણસ પાસે પૈસા માગવા જતાં શવદાસ શેઠને મનમાં ખરાબ તો લાગ્યું પણ શું કરે. એમ કર્યા શીવાય તેનો છુટકો ન હતો. તે આ મારવાડીની દુકાનમાં ગયો, અને પોતાની બધી હકીકત તેને કહી તેની પાસે પાંચ લાખ રૂપીઆ પંદર દહાડાની મુદતે માગયા મારવાડીને કહ્યું કે વ્યાજ જો ટએ તો આનો બે આના વધારે લેજો પણ આ વખતે રૂપીઆ આપો.

આ મારવાડી શવદાસ શેઠ ઉપર મનમાં વેર રાખતો હતોતેણે આ લાગ બરોબર જોયો. શવદાસ શેઠને પેટ કોઇ છોકરો ન હતો તેથી જો તે મરી જાય તો તેની પેડી બંધ પડે અને આ મારવાડીનું કામ સારૂ ચાલે જો આ ધણીને આપણે રૂપીઆ ન આપ્યા. તો એની આબરૂ ગામમાં સારી છે. એક ઠેકાણેથી નહિ તે પાંચ દશ ઠેકાણેથી મળીને એને બાંધી લઇને રૂપીઆ આપવા.

આમ વિચારતાં તેના પાપીસ્ટ મનમાં એક દુસ્ટ ઉપાય સુજ્યો તે બોલ્યો શેઠ સાહેબ, આપ કોઇ પણ દહાડે નહિ ને આજેજ મારી પાસે રૂપીઆ લેવા આવ્યા છો તેથી આપની પાસેથી હું કાંઇ વ્યાજ લેવાનો નથી પણ એક રસ્તે દશ દહાડાની મુદતે રૂપીઆ આપવાને કબુલ છું તે સરત આ છે કે જો દશ દહાડાની અંદર રૂપીઆ પાછા ન આપો તો તમારા શરીરનું એક શેર માંસ મારે હાથે કોઇપણ ઠેકાણેથી કાપી લેવું.

શવદાસ આ સાંભળીને વિચારમાં પડયો આ મારવાડીને તે બીજી કોઇ રીતે સમજાવી શકે તેમ પણ ન હતું બીચારાએ તેના

માંગવા પ્રમાણે લખત કરી આપીને પાંચ લાખ રૂપીઆ લઇને પોતાની દુકાને આવ્યો બધાને હુંડીના નાંણાં આપી રવાના કર્યા બે દહાડા પછી તેની તબીઅત બગડી આવી તેથી મારવાડીની મુદત વિશે તેનું ધ્યાન ન રહ્યું. તેમજ બહારગામથી પોતાનો અવેજ પણ ફરી ન મળ્યો. મારવાડી પણ શેર માંસની ઉતાવલ કરવા લાગ્યો, ત્યારે શવદાસ બેચાર ઠેકાણેથી પાંચ લાખની રકમ એકઠી કરીને વ્યાજ સુધાં મારવાડીની દુકાને મોકલી દીધી. પણ મારવાડીએ તો મુદત થઇજતાં હવે રૂપીઆ લેવાની ના પાડીને ફક્ત એક શેર માંસનીજ ઉઘરાણી કીધી શવદાસ એક તો પોતે આજારી હતો તેમાં વળી આ સંકટથી તેમાં વધારો થયો.

આ તરફ મારવાડીએ જ્યારે જોયું કે, શવદાસ આમ તો માને તેમ નથી ત્યારે તેની ઉપર વીક્રમની અદાલતમાં ફરીઆદી માંડી. વીક્રમનું શવદાસને બોલાવણું આવ્યું તેથી તેને ત્યાં જવું પડયું. આજારી હોવાને સબબે મોટી મુશીબતે ત્યા જઇને હાજર થયો.

વીક્રમે સાહુકારને પુછ્યું."આ મારવાડી શેઠ સાથે તમારે એવો કરાર થયો છે કે, રૂપીઆ આપવાની ઠરાવેલી મુદતે જો રૂપીઆ ન આપો તો શરીરનું એક શેરમાંસ આ શેઠને આપવું તે શું ખરૂછે? "

સાહુકારે કહ્યું. " આ સરત ખરી છે. પણ હું વ્યાજ સુધાં એના રૂપીઆ આપવાને તૈયાર છું. તેમ વળી મેં એની દુકાને એક વખત રૂપીઆ મોકલ્યા હતા. પણ તે તેણે લીધા નહિ, ને પાછા મોકલ્યા અને માંસ માગે છે માટે સરકારે આ વાવનો પુરતો વિચાર કરીને જેવો યોગ્ય લાગે તેવો હુકમ કરવો.

સાહુકારનો ઈકરાર સાંભળીને વીક્રમ બોલ્યો. " હુકમ કરવાનું હવે અમારા હાથમાં મુદલ રહ્યું નથી તમારી સરતેજ તમારો ન્યાય

કર્યો છે. માટે તમારા શરીરનું માંસ આ મારવાડી શેઠ પોતાની મરજીમાં આવશે તે જગાએથી પોતાને હાથે કાપી લેશે એવો અમારો હુકમ છે. "

આ સાંભળીને સાહુકાર ઘણોજ ભયભીત થયો પણ જરાવાર વિચારી કરી ધીરજ ધરીને બોલ્યો, ' ઠીક છે પણ મારે આ બાબત વિષે રાજાધીરાજને અરજી કરવી છે. ત્યાંનો જવાબ આવે ત્યાં સુધી માંસ કાપી લેવાનું મુલતવી રાખવું જોઇએ. "

ચતુરના ધ્યાનમાં આ વાત ઉતરી તેણે હુકમ કર્યો, " ઠીક છે. એક મહિનાની મુદ્દત તમને આપવામાં આવે છે તે મુદતમાં તમે આ બાબતનો રાજાધીરાજને પાસે જવાબ મેળવી લેજો નહિ તો એક મહિના પછી માંસ કાપી આપવું પડશે. "

ચતુરનું બોલવું કબુલ કરી, તેની રજા લઇને સાહુકાર ઘેર આવ્યો બીજે દિવસે વિક્રમની મુલાકાત લેવા તે ગયો. વિક્રમ આગળ તેણે બધી વાત કહી સંભળાવી. તે સાંભળીને વિક્રમ વિસ્મય પામ્યો. તે શેહેરનો મોટો નગરશેઠ કહો તો તેજ હતો તેની દુકાન પાંચશો વર્ષની જુની હતી. સરકારને પણ તે ઘણી વખત ઉપયોગી થઇ પડયો હતો, માટે કોઇપણ યુક્તિથી જેમ અન્યાય ન થાય તેમ તેને બચાવી લેવો એનો વીક્રમે નિશચય કરયો. આ કામ તેણે ચતુરના હાથમાં સોંપવાનું ધારયું. ચતુર બુધિમાન હોવાથી કાંઇ પણ યુક્તિ કહાડશે એમ તેણે વિચારયું. પછી તેણે સાહુકારને કહયું, " આ વાતનો અમે વિચાર કરીશું. તમે તમારે ઘેર જાઓ. જ્યારે બોલાંવણું આવે ત્યારે અતરે આવજો તેની વચમાં દરબારમાં આવવાની તસ્દી ન લેશો. આપનું શરીર બીમારી ચાલે છે તેથી વધારે મહેનત ન કરો તો સારું. "

આ સાંભળીને સાહુકારને કાંઇક ભરોસો આવ્યો. પોતાની તરફ વીક્રમને ક્યા કરતો જોઇને તેના મનને આનંદ પણ થયો વીક્રમની રજા લઇને તે ઘેર ગયો. "

. બીજે દીવસે દરબારમાં આવતાંજ વીક્રમની ચતુરની પાસે સાહુકારની બધી વાત કહીને તેને કહ્યું, " કોઇપણ રીતે આપણો અન્યાય ન કહેવાય એવી યુકિત શોધી કાઢીને સાહુકાર શવદાસનું રક્ષણ કરવું છે, માટે કાંઇ યુકિત શોધી કાઢ. "

ચતુર ' ઘણું સારૂં ' કહીને વાત ટુંકી કાંધી પાંચ સાતદહાડા ગયા પછી મારવાડીએ બાદશાહ આગળ કચેરીમાં હાજર થઇને વીનંતી કરીકે, સાહુકાર સાથે ગયેલો કરાર પુરો કરવાની પરવાનગી આપવી વીક્રમે કહ્યું, "ચતુર, આ મારવાડી શું કહેછેતે સાંભળી લ્યો"

ચતુરે જવાબ દીધો, સર્વ સાભળી લીધું સરકાર આપનીજ આજ્ઞાની રાહા જોતો હતો. આપની આજ્ઞા થઇ તેથી હવે વખત નહી લાગે. "

એમ કહી ચતુરે સાહુકાર શવદાસને બોલાવી મંગાવ્યો. સાહુકારને મારવાડીની સામે ઉભો રાખીને ચતુરે મારવાડીને પુછયું, "કેમ શેઠ તમારે રૂપીયા લેવા નથી. " મારવાડીએ ના પાડી.

ચતુર બોલ્યો, " ઠીક છે ત્યારે આ સાહુકારના અંગમાંથી એક શેર માંસ તારી મરજી પડે તે જગાએથી કાપી લે એવી તમારી સરત છે અને તે પ્રમાણે કરવાને તને પ્રધાને હુકમ કર્યો છે તો તેજ હુકમ આ વીક્રમની દરબારને પણ પસંદ પડયો છે. તેથી હમણાંજ આ સાહુકારના અંગમાંથી માંસ તારી સરત પ્રમાણે કાપી લે પણ તેમ કરતાં કદાચ તે કાપેલા માંસનો કકડો એક શેરથી જો ઓછો

અથવા વધારે થયો તો તારા કુટુંબમાંના બધા માણુસોને દેહાંત દંડની શીક્ષા કરવામાં આવશે. તારા ઘરબાર બધા સરકારમાં જપ્ત કરવામાં આવશે. "

આ સાંભળતાંજ મારવાડી ગભરાયો, શું બોલવું અને શું કરવું તેનો વિચાર થઇ પડયો. તેને કાંઇ સુઝે નહિ.

ચતુર ઉતાવળ કરવા લાગ્યો. આખરે મારવાડી બોલ્યો, ચતુર સાહેબ, મને માંસ નથી જોઇતુ, મારા પાંચ લાખ રૂપીયા વ્યાજસુદ્ધાં અપાવો એટલે બસ છે. "

વીક્રમે કહ્યું. " સાહુકારે રૂપીયા તને મોકલ્યા છતાં તે લીધા નહિ તેથી હવે તને રૂપીયા મળનાર નથી. તારે તો માંસ ન લીધું તો પછી બીજી વખત નહિ મળે, અને વળી સરકારના હુકમને અમાન્ય કરવા બદલ ગુનેગારીના દશ લાખ રૂપીઆ આપવા પડશે. બોલ શું કહે છે જલદી જવાબ આપ "

મારવાડીએ કહ્યું " સરકાર મને કાંઇ જોઇતું નથી. "

ચતુરે કહ્યું " સરકાર તરફથી તને એવી શીક્ષા કરવામાં આવે છે કે, તેં હુકમની અવગણુના કરી છે માટે તારે દશ લાખ રૂપીયા દંડના આપવા. તારી ઉપર બીજો વાંક એ મુકવામાં આવે છે કે આ શહેરના જાણીતા શાહુકાર અને નગરશેઠ શવદાસ ઉપર દ્વેષ રાખી તેને દુઃખી કરવાની મતલબે તેના શરીરનું માંસ કાપવાની તેં સરત કરી માટે તને છ મહિના સુધી કેદ કરવામાં આવે છે. "

પોતાને થયેલી આવી શીક્ષા સાંભળીને મારવાડીતો ગભરાઇજ

ગયો પણ વીક્રમના મનને ઘણોજ આનંદ થયો મારવાડી ને સરકારી સીપાઇઓ લઇ ગયા તેને ઘેર જઇ દસ લાખ રૂપીયા લઇ આવ્યા અને તેને કેદખાનામાં પુર્યો.

શવદાસને વીક્રમે તેની સારી ચાલને અને પોતાની પહેડીની આંટ જાળવી રાખવા માટે શાબાશી તથા પોશાક આપી રવાના કર્યો મારવાડી પાસેથી આવેલા દશ લાખ રૂપીઆ ચતુરની હુશીઆરી માટે વીક્રમે તેને બક્ષીસ કર્યા.

વારતા ૧૪ મી.

ગરીબની હાય ?

એક વખતે તુર્કસ્તાનના સુલતાને પોતાના એક વિદ્વાન એલચીને એક સો માણસો આવી વીક્રમના દરબારમાં મોકલ્યો. આ એલચીને સાથે એક પત્ર મોકલ્યો હતો. તે પત્ર પેલા એલચીએ વીક્રમને આપ્યો. વીક્રમે ચતુરસિંહને વાંચવાને આપ્યો. ચતુરસિંહ તેનુ મથાળું વાંચ્યા પછી નીચે મુજબ સાર વાંચ્યો. " + + + બીજું મારા સાંભળવામાં એવું આવ્યું છે કે, હિંદુસ્તાનમાં એક જાતનો રોપો થાય છે જે ખાધાથી જીંદગી લાંબી થાય છે જો આવી જાતનું ઝાડ મળતુ હોય તો તેમાંથી થોડું મારે વાસ્તે મોકલી આપશો. આપણી મિત્રાચારી છે તેવીજ હમેશ રહેશે " વગેરે વગેરે.

ઉપર મુજબ પત્ર વાંચી વીક્રમ વિચારમાં પડયો. પણ ચતુર વીક્રમ સાથે કંઇક વાત કરી તેથી વીક્રમે એલચી તથા તેના માણસોને કેદ કરવા હુકમ કર્યો. ત્યાં તેમને લઇ જવામાં આવ્યા બાદ વીક્રમ ચતુર સાથે લેઇ તેમની પાસે ગયો. ચતુરે તેમને કહ્યું "તમારા સુલતાને જે ચીજ મંગાવી છે તે હાલ તો તમને આપી શકતા નથી પણ જ્યારે આ ડુંગર તથા તેઉપરનો મજબુત કિલ્લો પડીજશે ત્યારેજ તમને જવાની રજા આપીશું, માટે ત્યાં સુધી તો અહીંજ રહો. તમને ખોરાક તથા કપડાં મારાં આપવામાં આવશે. "

આમ કહી વીક્રમ ત્યાંથી ચાલતો થયો. વીક્રમના ગયા પછી બધા હવે શું કરવું તેના વિચારમાં પડયા. તેઓ બોલવા લાગ્યા.

" અરે ઇશ્વર કોણ જાણે ક્યારે પડશે ? આપણો આખો છુટકો થશે? આ પર્વતનો કિલ્લો કયારે પડશે ? આપણો આખો જનમારો આ કેદખાનામાં નીકળશે એમ જણાય છે. જેવી ઇશ્વરની ઇચ્છા. "

બધા નિરાશ થઇ ગયા. દરરોજ સવાર સાંજ ઇશ્વરની પ્રાર્થના કરવા લાગ્યા કે આ ડુંગરી કિલ્લો જલદીથી પડી જાય એમ કરો, થોડા વખતમાંજ ધરતીકંપ થયો. તે ધરતીકંપના આંચકા સમેત પેલા ડુંગરી કિલ્લાનો કેટલો ભાગ પડી ગયો. અને સામેના પર્વતનો પણ કેટલો ભાગ પડી ગયો.

આવો બનાવ બનતાંજ પેલા એલચીએ વીક્રમને સંદેશો મોકલી તે ખબરથી વાકેફ કીધો. વીક્રમ પેલા એલચીને તેના માણસો સુદ્ધાં પોતાની પાસે બોલાવી મંગાવી આ પ્રમાણે કહ્યુ " તમારા સુલતાને જીંદગી લાંબી થાય એવા ઝાડનો રોપો મારી પાસે મંગાવ્યો હતો, તેનો જવાબ તમે પામી ગયા હશો, જો ન જાણી ગયા તો હું ખુલાસાથી સમજાવું છું તે સાંભળો. તમે એકસો માણસો હતા. તે તમારી પ્રાર્થનાથી આવો મજબુત કિલ્લો તથા પર્વત પડી ગયાં તો હજારો અને લાખો મનુષ્યની ઉપર જુલમ કરવાથી તો જીંદગી લાંબી થવાને બદલે ટુંકી થાય. તેમના નિશ્વાસથી નાશ થયા વગર રહેજ નહિ, તો પછી જીંદગી શી રીતે થાય ? અમારા રાજ્યમાં જુલમ ઘણોજ થોડો છે. ગરીબ રઇયતની દાઝ જાણી તે પર જુલમ ન ગુજારવો એજ જીંદગી લાંબી કરવાના ઝાડનો રોપો છે. આ શિવાય બાકીના બીજા બધાં ફાંફાં છે, " કહ્યું છે કે:—

તુલસી હાય ગરીબકી, હરિસું સહી ન જાય;
મુએ બેલ કે ખાલસે, લોહ ભસ્મ હો જાય,

આમ કહી તેમને પોતાને સ્વદેશ જવાની રજા આપી. એલચીએ તુર્કસ્થાનમાં જઈ બધો હેવાલ કહ્યો. હિંદુસ્થાનના વીક્રમની અક્કલ જોઇ બધા આશ્ચર્ય પામ્યા.

વારતા ૧૫ મી.

આપનારનો હાથ નીચો.

એક દિવસે આનંદને વખતે વીક્રમે ચતુરને પુછ્યું, "અરે ચતુર! એક માણુસ બીજા માણુસને કાંઇ આપે ત્યારે ચતુર આપનારનો હાથ, ઉપર અને લેનારનો હાથ નીચે એમ હોય છે પણ કોઇ વખત એથી ઉલટું એટલે આપનારનો હાથ નીચે અને લેનારનો હાથ ઉપર આવે."

ચતુરે કાંઇ પણ વિચાર ન કરતાં કહ્યું, " પીતાજી ઘણી વખત એમ બને છે."

બીજાએ પુછ્યું, "કેવી રીતે સમજાવો."

ચતુર બોલ્યો, ભોમયપદ તપકીર આપતી વખતે આપનારનો હાથ નીચે અને લેનારનો હાથ ઉપર હોય છે."

ચતુર કવીરાજ હાજર જવાબી સાંભળી વીક્રમ આનંદ પામ્યો.

વારતા ૧૬ મી.

આંધળો કોણ ?

એક દિવસે વીક્રમે ચતુરને પુછ્યું, " અરે ચતુર, આ જગતમાં આંધળા વધારે કે દેખતા ? "

ચતુરે જવાબ દીધો, " પીતાજી, વિચાર કરી જોશો તો દેખતા કરતાં આંધળા વધારે માલુમ પડશે. "

વીક્રમ બોલ્યો, "એનો કાંઇ પ્રત્યક્ષ પુરાવો દેખાડીશ. "

ચતુરે કહ્યું, " પીતાજી, આવતી કાલે બતાવીશ. "

વીક્રમે કહ્યું, " બહુ સારૂં. "

બીજે દીને ચતુર વગર ભરેલો ખાટલો તથા તેને ભરવાની દોરી લઇ વીક્રમ પાસે હાજર થયો. તેણે વીક્રમને કહ્યું, " પીતાજી આંધળા દેખતાનો પુરાવો જોવો હોય તો મારી સાથે ચાલો. "

વીક્રમ તેની સાથે જવા તૈયાર થયો. ચતુરે લખનારવાળા એક કારકુનને સાથે લીધો. પછી આ બધો સરંજામ લઇ ચતુર નદી કીનારે આવ્યો. ત્યાં કીનારા ઉપર બેશી પેલો ખાટલો ભરવા લાગ્યો, તે જોઇ આશ્ચર્ય પામી વીક્રમે પુછ્યું, " અરે ચતુર, આ તેં શું કરવા માંડ્યું ? "

વીક્રમનો આવો સવાલ સાંભળી ચતુરે પેલા કારકુનને કહ્યું, આંધળાની યાદીમાં પહેલું નામ રાજાજી દાખલ કર.

પેલા કારકુને તેના ફરમાવ્યા પ્રમાણે કર્યું. થોડીવારમાંજ ત્યાં મોટા મોટા અમીર ઉમરાવો, સરદારો, વેપારીઓ વગેરે લોકો આવતા

લાગ્યા. તેમાંના કેટલાક 'અરે આ શું ધંધો કરો છો? વગેરે પુછવા લાગ્યા, તે પ્રમાણે પુછ્યું, તેમના નામો આંધળાની યાદીમાં અને જેમણે પુછ્યું 'આજ તો કાંઇ ખાટલો વણવા તમેજ છો ?" એમ પુછ્યું તેમના નામો દેખતાની યાદીમાં દાખલ કરાવ્યા. આ પ્રમાણે એક કલાક સુધી ચાલતાં પાંચસો સાતસો લોકોના નામ લખાયા, તેમાંનાં આંધળાની યાદીમાં વધારે હતા અને દેખતાની યાદીમાં તો જુજ હતા. જ્યારે જવાની વેળા થઇ ત્યારે ચતુરે પેલા કારકુન પાસેથી યાદી લઇને વીક્રમને દેખાડી. આંધળાની યાદીમાં પ્રથમજ પોતાનું નામ જોઇ વીક્રમે આશ્ચર્ય પામી કહ્યું, " અરે ચતુર, આ આંધળાની યાદીમાં તે મારૂં નામ કેમ દાખલ કર્યું ? અને તે પણ વળી પહેલું ? "

ચતુરે હાથ જોડી નમ્રતાપૂર્વક કહ્યું, " પીતાજી, જે વખતે આપણે અત્રે આવ્યા અને હું ખાટલો ભરવા બેઠો તે વખતે આપે પ્રત્યક્ષ નજરે જોવા છતાં મને પ્રશ્ન પૂછ્યો કે, ચતુર, આ તેં શું કરવા માંડ્યું ? મને ખાટલો ભરતો જોઇ જેમણે એવો સવાલ કર્યો તેમના નામ આંધળાની યાદીમાં દાખલ કર્યાં અને જેણે મને પુછ્યું કે, ' આજ તો તમેજ કાંઇ ખાટલો ભરવા મંડી ગયા છો ?' તેમના નામ દેખતા યાદીમાં છે. તેઓજ દેખતા છે. આવા દેખતાઓની સંખ્યા ઘણીજ ઓછી છે. અને એ વાતનો પ્રત્યક્ષ પુરાવો આપની નજર સામે છે.

ચતુરની ચતુરાઇથી વીક્રમ આનંદ તેમજ આશ્ચર્ય પામ્યો. પછી તેને લઇ મેહેલમાં આવ્યો.

બીજો ભાગ સમાપ્ત.

હવે પછી બહાર પડેલાં પુસ્તકો.

ચતુરસીંહ ઠગારો ભાગ પહેલો.	રૂ. ૦—૮—૦
ચતુરસીંહ ઠગારો. ભાગ બીજો.	રૂ. ૦—૮—૦
ચતુરસીંહ ઠગારો. ભાગ ત્રીજો	રૂ. ૦—૮—૦
ચતુરસીંહ ઠગારો. ભાગ ચોથો.	રૂ. ૦—૮—૦
બાદશાહ બીરબલ ૧ થી ૧૮ ભાગ.	રૂ. ૧—૪—૦
ચંદ્રકળા અને બહુરૂપીઓનું બજાર. ભાગ પહેલો.	રૂ. ૧—૮—૦
ચંદ્રકળા અને બહુરૂપીઓનુ બજાર ભાગ બીજો.	રૂ. ૧—૮—૦
પૈસા કેમ કમાવા ધનવાન થવાની કુંચી. ...	રૂ. ૧—૮—૦
હુન્નર પ્રકાશ ૨૦૦૦ હુન્નરો.	રૂ. ૧—૮—૦
લેખચંદ્રીકા, અથવા પત્રવહેવાર	રૂ. ૧—૦—૦
માયાવી મોહની ડીટેક્ટીવની વારતા	રૂ. ૩—૦—૦
મહા ભારત રાગરાગણીનું વ્યાસ વલ્લભરામનું બનાવેલું	રૂ. ૭—૦—૦
સતી લીલાવતી, વેશ્યા ઓમાં ફસાયલો શેઠનો છોકરો તેને પોતાની બૈરી કેવી રીતે સુધારે છે તેનો આબેહુબ ચિતાર.	રૂ. ૨—૦—૦
ટોડરાજસ્થાન. આશરે ૧૫૦૦ પાનાનું બાપાવાળાએ બનાવેલું.	રૂ. ૧૫—૦—૦

પ્રગટ કર્ત્તા અને વેચનાર,

શાહ નારણલાલ મોતીલાલ બુકસેલર.

રીચીરોડ—અમદાવાદ.

બહાર પડી ચુકયો છે.   બહાર પડી ચુકયો છે.

Treasure of Correspondence.

ટ્રેઝરી ઓફ કોરેસ્પોન્ડન્સ

યાને

પત્રવ્યવહારનો ખજાનો.

કદ રોયલ ૧૬ પેજી લગભગ ૪૦૦ પાનાં.

ઈંગ્રેજીનું થોડું યા અધકચરૂં જ્ઞાન ધરાવનારે ખાસ રાખવા લાયક અત્યાર સુધીમાં બહાર પડેલી આવી કોઈ પણ ચોપડી કરતાં તદ્દન જુદીજ ઇબારતમાં બાહોશ અનુભવી શિક્ષકને હાથે લખાયલું અને ઈંગ્રેજીનું સારૂં જ્ઞાન ધરાવનાર બાહોશ વ્યાપારીએ રિવાઇઝ કરેલું આ પુસ્તક ઈંગ્રેજીમાં પત્રવ્યવહાર કરવા માગતા હોય તેને ઉપયોગી થઈ પડયા વિના રહેશે નહી. આ પુસ્તકમાં દરેક વિષય ઉપર કાગળ યા ચીઠી લખવાના નમુના આપ્યા છે.

ભા. ૧ માં સાધારણ ઉપયોગમાં આવતી ચીઠ્ઠીપત્રીઓ આપવામાં આવી છે

„ ૨ માં સ્નેહીઓએ સગા વહાલાંઓએ, ઓળખાણ પીછાણવાળાઓએ તથા બીન ઓળખાણના અજાણ્યા માણસોએ માંહોમાંહે લખવાના પત્રો આપવામાં આવ્યા છે.

„ ૩ માં દરેક જાતની અરજીઓના નમુના, રાજીનામાના નમુના વગેરે આપવામાં આવ્યું છે.

„ ૪ માં વ્યાપારી પત્રો. બેંકને લગતા કામકાજના પત્રો વગેરે વ્યાપારને લગતા પત્રો આપવામાં આવ્યા છે.

એક નકલ મંગાવી ખાત્રી કરશો.   કીંમત ૧-૮-૦.

નારણલાલ મોતીલાલ બુકસેલર. રીચીરોડ—અમદાવાદ.